Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ માગશર

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## સદાચારનું બળ

मनोग्लानिक्षयस्तस्मात् तस्मात् सद्भावनादयः ।
दौर्भाग्यापगमस्तस्मात् तस्मादानन्दि जीवनम् ॥

સદાચારના બળે માનસિક ગ્લાનિ નષ્ટ થાય છે, સદ્‌વિચારો જાગ્રત રહે છે, દુર્ભાગ્ય દૂર થાય છે અને જીવન આનંદિત થાય છે.

'कल्याणभारती 'માંથી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૪ ] ડીસેમ્બર : ૧૯૭૬ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| મહાભિનિષ્ક્રમણ | સ્વ મનસુખલાલ ટી. મહેતા | ૨૯ |
| મૃત્યુ મરી ગયું રે લોલ ! | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૩૩ |
| પાણી-આકાશનું અને પૃથ્વીનું | પૂ. ઉપાધ્યાય અમરમુનિ | ૩૭ |
| મૌન એકાદશી આધ્યાત્મિક મહત્વ | અમરચંદ માવજી શાહ | ૩૯ |
| ज्ञान क्रियाभ्यां मोक्षः | પં. પુર્ણાનંદવિજયજી મ. | ૪૧ |
| રત્નાકર પચ્ચીશી અનુવાદ | શ્રી એન. ડી. શાહ | ૪૪ |
| ધર્મમાર્ગનો યાત્રિક આત્મા સમાજને કલ્યાણમાર્ગ ચીંધે છે | | |
| એ સૌજન્યશીલ મનસુખભાઈ | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ | ૪૭ |
| સમાચાર સંચય | શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ | ૪૯ |
| | | ૫૧ |


### આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબો

## શ્રી મગનલાલ જેઠાલાલ શાહ — મુંબઈ

## શ્રી મનમોહનદાસ ફુલચંદ તંબોળી — ભાવનગર

### નવા આજીવન સભ્ય

## શ્રી રતીલાલ મોહનલાલ શાહ — કુઠવાડા

## સુધારો

કાર્તિક માસના અંકમાં નવાં પેટ્રન તરીકે શ્રી નિરંજન દામોદર શેઠ-ભાવનગર એમ છપાયું છે. તેમાં 'પેટ્રન' ને બદલે આજીવન સભ્ય એમ વાંચવા વિનંતી.

## ખાસ નોંધ

ગત આસો માસના અંકમાં પાના નં. ૨૪૧ ઉપર 'એક અનેકાંકી નાટક' નામનું કાવ્ય છપાયું છે તેના રચયિતા પૂ. મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ છે તે વિદિત થાય.

## હવે પછીનો અંક

### શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા સ્મરણાંજલિ અંક

'શ્રી જૈન આત્માનંદ પ્રકાશ'નો હવે પછીનો અંક પોષ-મહા માસનો સંયુક્ત અંક તરીકે સ્વ. શ્રી મનસુખલાલભાઈને સ્મરણાંજલિ-રૂપે તા. ૧૬-૨-૧૯૭૭ના રોજ બહાર પડશે, તો પરિચિતો, સ્નેહીઓ તથા પ્રશંસકોને સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલભાઈ અંગેના સ્મરણો, જીવનપ્રસંગો વિ.ના લેખો તા. ૩૦-૧-'૭૭ પહેલા મોકલી આપવા વિનંતી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી જશુભાઇ ચીમનલાલ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



જેમના જીવનમાં કુશાગ્ર બુદ્ધિ, તીવ્ર સમજશક્તિ અને દૃઢ મનોબળનો સમન્વય થયેલો છે, તેવા શ્રી જસુભાઈ ચીમનલાલ શાહનો જન્મ પાટડી નજીક આવેલા સુંદર અને રળિયામણા માલવણ ગામમાં તા. ૨૦–૬–૧૯૩૨ના થયો હતો. તેમના પિતાશ્રી ચીમનલાલ જેઠાલાલ શાહનો વ્યવસાય મુંબઇમાં હતો, અને શ્રી જસુભાઇનો ઉછેર પણ મુંબઈમાં થયો. માત્ર ચાર વર્ષની વયે જ તેઓ મુંબઇ આવ્યા અને પ્રાથમિક શિક્ષણ બાબુ પન્નાલાલ સ્કુલમાં લીધું. આ સ્કુલમાં વ્યાવહારિક શિક્ષણની સાથોસાથ ધાર્મિક શિક્ષણ પણ ફરજિયાત હતું. સ્વ. શ્રી માવજી દામજી શાહે વરસો સુધી ધાર્મિક શિક્ષણની જવાબદારી અદા કરેલી અને તેમના હાથ નીચે હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયા જે પૈકી શ્રી જસુભાઈ પણ એક હતા. બાલ્યવયે જે સંસ્કાર પડે છે, તે જીવનમાં કયારેય ભૂંસાતા નથી.

માતા પિતાને સંતાનમાં માત્ર એક જ પુત્ર જસુભાઈ અને એક જ પુત્રી ચંદ્રાબેન, એટલે પુત્રને ઉચ્ચ કેળવણી અને સંસ્કાર આપવામાં પાછા વળી જોયું નહોતું. જસુભાઇ નાણાવટી અંગ્રેજી સ્કુલમાંથી મેટ્રીક થયા અને પછી આગળ અભ્યાસ અર્થે જ જયહિંદ કોલેજમાં દાખલ થયા. તેમની વિદ્યાર્થી કારકિર્દી ભારે તેજસ્વી હતી. આ કોલેજમાં બી. એસ. સી ની ડીગ્રી પ્રાપ્ત કરી તેમણે પોતાનું લક્ષ્ય ધારાશાસ્ત્રી બનવા માટે કેન્દ્રિત કર્યું.

જીવનમાં જે પ્રાપ્ત થાય છે, તેને માણસ સૌ પ્રથમ પોતાના મનમાં જ ઉત્પન્ન કરતો હોય છે. એક પથ્થર કે ઈંટ મૂકાય તે પૂર્વે શિલ્પીના મનમાં આખા મકાનનો આકાર જેમ પ્રત્યક્ષ હોય છે, તેમ માણસ જે વસ્તુને પ્રાપ્ત કરે છે તે સર્વ વસ્તુ પ્રથમથી જ તેમણે પોતાના મનમાં અંકિત કરી લીધી હોય છે. જસુભાઈના પિતાશ્રી તો વેપારી હતા, પણ તેમ છતાં કાયદાની લાઇનમાં નિષ્ણાત બનવાનો પુત્રનો દૃઢ સંકલ્પ હતો, જે પુરુષાર્થ દ્વારા તેમણે સિદ્ધ કર્યો. બી એસ સી. થયા પછી ઈ.સ. ૧૯૫૭માં તેમણે એલ.એલ.બી ની પરીક્ષા પાસ કરી. પરંતુ જસુભાઇનું લક્ષ્ય તો તેથી પણ ઘણું આગળ હતું. 'માણસ સંપાદન કરી શકે તેના કરતાં તેનું લક્ષ્ય વધારે લાંબુ હોવું જોઈએ' એ સૂત્રને તેમણે પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યું છે. એલ.એલ.બી.થી સંતોષ નહિ પામતાં તેમણે કાયદાનો આગળ અભ્યાસ કર્યો અને ઇ.સ. ૧૯૬૧માં સોલિસિટરની અત્યંત કઠિન પરીક્ષા પસાર કરી તેઓ સોલિસિટર થયા.

જગતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનાં મનુષ્ય હોય છે. 'કરીશું જ', 'નહિ કરીએ' અને 'કરી શકીશું નહિ.' પ્રથમ પ્રકારનાં મનુષ્યો બધું જ પૂરું કરે છે, બીજા પ્રકારના દરેક બાબતમાં વિરુદ્ધ થાય છે અને ત્રીજા પ્રકારના મનુષ્યો દરેક બાબતમાં નિષ્ફળ જાય છે. શ્રી જસુભાઈ પ્રથમ પ્રકારના માણસ છે. તેમણે માત્ર સોલિસિટર થવાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે એટલું જ નહીં, પણ પોતાની દિવ્ય પ્રતિભા, મિલનસાર પ્રકૃતિ અને અન્યને સહાયરૂપ બનવાની વૃત્તિના કારણે ટૂંક વખતમાં જ ધીકતી પ્રેકટીસ જમાવી નામના અને કીર્તિ પ્રાપ્ત કરી છે.

Work is Worship- કામ કરવામાં જ તેઓ ઈશ્વરની આરાધના માને છે. તેમની રહેણી-કરણી પરથી દેખાઈ આવે છે કે, His daily life is his temple and his religion- એમનું જીવન ધોરણ જ એમના માટે મંદિર અને ધર્મ સ્વરૂપ બની ગયા છે. સોલિસિટર થયા પછી શરૂઆતમાં તેમણે અમીન એન્ડ દેશાઈ સોલિસિટરની ફર્મમાં કામ કર્યું અને ઈ.સ. ૧૯૬૩માં રૂસ્તમજી એન્ડ જીનવાલા સોલિસિટરની ફર્મમાં ભાગીદાર તરીકે જોડાયા. આ રીતે આ લાઈનનો સંપૂર્ણ અનુભવ પ્રાપ્ત કરી છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ પોતાની સ્વતંત્ર ફર્મ શાહ એન્ડ સંઘવીના સંચાલક બન્યાં છે. તેમના પિતાશ્રી ચીમનલાલભાઈ પુત્રને સોલિસિટર બનેલાં જોઈ સંતોષપૂર્વક ઇ સ. ૧૯૬૨માં સ્વર્ગવાસ પામ્યાં અને તેમના પૂ. માતુશ્રી વિમળાબેન આજે પણ પુત્રની સફળ કારકિર્દી જોઇ પોતાની જાતને ધન્ય માને છે.

કોલેજજીવન દરમિયાન ઇ. સ. ૧૯૫૫માં જસુભાઈના લગ્ન રાધનપુર નિવાસી શ્રી ચીમનલાલ સૂરચંદના સુપુત્રી શ્રી જ્યોત્સનાબેન સાથે થયા. શ્રી જ્યોત્સનાબેન શિક્ષિત, અત્યંત સંસ્કારી અને કેળવાયેલા હોઇ પોતાના પતિ માટે પ્રેરણારૂપ બન્યા છે. આ કારણે જ લગ્ન પછી પણ જસુભાઇ પોતાની તેજસ્વી વિદ્યાર્થી કારકિર્દી જાળવી શકયા. પતિને આકાર આપવાની બાબતમાં પત્નીનો હિસ્સો બહુ મોટો અને મહત્ત્વનો હોય છે. બાહ્ય દષ્ટિએ પુરુષની દેખાતી સફળતાના પાયામાં પત્ની જ રહેલી હોય છે. તેમના સુખી દાંપત્ય જીવનના ફળરૂપે તેમને એક પુત્ર અને ત્રણ પુત્રીરત્નો પ્રાપ્ત થયા છે. પુત્ર પરેશભાઇ ઈન્ટર કોમર્સનો અભ્યાસ કરે છે. મોટી પુત્રી દીપિકાબેન સિનિયર બી.એ.માં છે. બીજી પુત્રી કલ્પનાબેન ૯મા ધોરણમાં છે અને સૌથી નાના કવિતાબેન છઠ્ઠા ધોરણનો અભ્યાસ કરે છે.

એક વર્ષ પહેલા જ શ્રી જસુભાઈ અમેરિકાની મુસાફરી કરી આવ્યા છે. એ વખતે તેઓ World Vegetarin Conferenceમાં ભારતના એક પ્રતિનિધિ તરીકે ગયા હતા અને ત્યાં સારું એવું ફર્યા હતાં. મહાવીર જૈન વિદ્યાલયના તેઓ પેટ્રન છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના તેમણે જીવનમાં ચરિતાર્થ કરી છે. માણસ અનેક ધર્મશાસ્ત્રો શીખ્યો હોય પણ જો જીવનશાસ્ત્ર ન જાણતો હોય તો તમામ અન્ય ધર્મશાસ્ત્રો જાણવાનો કોઈ અર્થ રહેતો નથી. જગતના એક સુપ્રસિદ્ધ લેખક રોઆરોલાંએ જીવનશાસ્ત્ર વિશે સમજાવતાં લખ્યું છે, The formost Scienee in the world is the science of living in such wise as to produce the minimum evil and the maximum good possible. અર્થાત્ જગતનાં સર્વશાસ્ત્રોમાં જીવનશાસ્ત્ર એ ઉત્તમોત્તમ શાસ્ત્ર છે. એની શ્રેષ્ઠતાનું માપ એક જ છે. જે પ્રમાણે જીવન ગાળવાથી જગતનું ઓછામાં ઓછું અકલ્યાણ થાય અને વધારેમાં વધારે કલ્યાણ સધાય તે જ ઉત્તમ જીવન શાસ્ત્ર છે. શ્રી જસુભાઈના જીવન પર દષ્ટિપાત કરતાં સ્પષ્ટ દેખાઇ આવે છે કે તેઓ જીવનશાસ્ત્ર જાણે છે એટલું જ નહિ, પણ તેને અનુરૂપ જીવન પણ જીવે છે.

શ્રી જસુભાઈ જેવા એક વિદ્વાન અને સંનિષ્ઠ મહાનુભાવ પેટ્રન તરીકે આ સભા સાથે જોડાયા તે બદલ અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમને દીર્ઘ આયુષ્ય ઈચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ માગશર : ૧૯૭૬ ડીસેમ્બર | અંક : ૨

તંત્રી : સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા ● સહતંત્રી : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી


## મહાભિનિષ્ક્રમણ

લેખક : સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

ભગવાન મહાવીરના નિર્વાણુની સાતમી સદીમાં મારવાડમાં આવેલા આપણા તીર્થસ્થાન નાડોલ ગામમાં ધનેશ્વર અને ધારિણી નામનું એક સુખી દંપતી રહેતું હતું. પતિ પત્ની બંને ધર્મનિષ્ઠ અને ભાવિક હતા. ગૃહસ્થાશ્રમના ફળ રૂપે તેને ત્યાં એક તેજસ્વી અને ભવ્ય લલાટવાળો પુત્ર પ્રાપ્ત થયો. 'પુત્રના લક્ષણુ પારણામાં અને વહુના બારણામાં' કહેવત અનુસાર બાળકની સૌમ્ય મુદ્રા અને ભવ્ય કાંતિ જોઈ સૌ કોઈ કહેતું કે બાળક મોટો થતાં ભારે પરાક્રમી થશે. બાળકની નાની ઉંમરે જ યોગાનુયોગે નાડોલમાં આચાર્ય શ્રી પ્રદ્યોતસૂરિજીનું પધારવાનું બન્યું. આચાર્યશ્રીના વ્યાખ્યાનોએ બાળક પર ભારે અસર કરી. પૂર્વજન્મનો કોઈ ભારે સંસ્કારી આત્મા હતો અને હીરાની કિંમત જેમ સાચો ઝવેરી કરી શકે, તેમ આચાર્યશ્રીએ બાળકની મુખમુદ્રા પરથી જોઈ લીધું કે આ મોટો થતાં શાસન દીપાવે એવો શ્રમણ સંઘનો નાયક થવા સર્જાયેલો છે.

માતાપિતાની સંમતિપૂર્વક બાળકે આચાર્ય ભગવંત પાસે દીક્ષા લીધી અને યુવાન થતાં તો માનદેવ મુનિ અગિયારે અંગો તેમજ છેદસૂત્રના પારગામી બન્યાં. કેટલાક વરસો બાદ આચાર્ય ભગવંત પોતાના સુશિષ્ય માનદેવમુનિ સાથે વિહાર કરતાં કરતાં નાડોલ આવ્યા. આચાર્ય ભગવંતે માનદેવમુનિની યોગ્યતા જોઇ તેને આચાર્યપદવીથી વિભૂષિત કરવા વિચાર્યું અને લોકોમાં આનંદ છવાઈ ગયો.

અરિહંત અને સિદ્ધ પછીનું પ્રથમ સ્થાન આચાર્યનું છે, એટલે આચાર્યપદ પ્રાપ્ત શાસનની રક્ષા કરવી એ કોઈ સામાન્ય જવાબદારી નથી. ચક્રવર્તી કરતાં પણ આચાર્યપદ સંભાળવાનું કાર્ય વધુ કઠિન છે. આવી મહાન જવાબદારી યુવાનવયના માનદેવ મુનિને સોંપવામાં આચાર્ય ભગવંતના મનમાં આમ તો કશો વસવસો નહતો, કારણ કે માનદેવ મુનિ એ સ્થાનને બધી જ રીતે યોગ્ય હતા. પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનમાં ઊંડે ઊંડે એક અંદેશ તો હતો કે, જાતિ–કુળ–બળ–રૂપ–તપ–રિદ્ધિ સિદ્ધિ–વિદ્યા અને લાભ પ્રાપ્ત થવા એ તો સદ્ભાગ્ય છે, પરંતુ આ બધા એવા રસાયણો છે કે જે પચાવતા ન આવડે તો, પ્રાપ્ત કરનારના પતનનું પણ નિમિત્ત બની શકે છે. મુનિજીની યુવાવસ્થા, બ્રહ્મચર્યનું અપૂર્વ તેજ તેમજ ઉત્કૃષ્ટ કોટિના જ્ઞાનના કારણે, વૃક્ષના મધુરાં અને સ્વાદિષ્ટ ફળો પર જેમ પક્ષીઓ ચાંચ મારે છે, તેમ કોઈ કુદષ્ટિ કરી તેને શિથિલ તો નહિ બનાવી દે! સનતકુમારને પોતાના રૂપના અભિમાનના કારણે અને સ્થૂલભદ્ર જેવા સંયમીને પોતાની વિદ્યાના અભિમાનના કારણે સોસવું પડયું'તું. પરંતુ આચાર્ય ભગવંત જ્યોતિષ વિદ્યામાં પ્રવીણ હતા અને માનદેવ મુનિની કુંડલીમાં જે ઉત્કૃષ્ટ યોગો સર્જાયેલા હતા, તે જોઈ મુનિજીની બાબતમાં તેઓ નિશ્ચિંત બન્યા. કોઈ દેશના વડાપ્રધાનને નીમવામાં જે સંભાળ અને તકેદારી રાખવા પડે છે, તે કરતાં વધુ તકેદારી અને સંભાળ મુનિને આચાર્ય પદવી આપવામાં રાખવી પડે છે. કારણ કે આચાર્યનું સ્થાન ચક્રવર્તી કરતાં પણ અનેકગણું મહાન છે.

પછી તો આચાર્યપદના મહોત્સવ અર્થે લોકોએ મોટા પાયા પર તૈયારી કરી અને એ નિમિત્તે નાડોલ ગામે અનેક સાધુ ભગવંતો અને સાધ્વીઓ પધાર્યા. આજુબાજુના ગામોમાંથી પણ અનેક લોકો આવ્યા હતા અને મોટી માનવમેદની જામી હતી. લોકોના ઉત્સાહનો કોઈ પાર ન હોતો. આચાર્યપદવી પ્રદાન પ્રસંગે એક ભવ્ય મંડપની રચના કરવામાં આવી હતી. અને ચારે બાજુથી ધજાપતાકાથી તેને શણગારવામાં આવ્યો હતો. મંડપમાં અનેક પ્રકારની રચના કરવામાં આવી હતી. આચાર્ય ભગવંતની સામે માનદેવ મુનિ ઉભા રહી વિધિપૂર્વક ક્રિયા કરી રહ્યા હતા. મંત્રોચ્ચાર બોલાઈ ગયા એટલે સાધુઓ અને સાધ્વીજીઓ પોતાની મુઠ્ઠીમાં વાસક્ષેપ તૈયાર રાખી અપલક દૃષ્ટિએ આચાર્ય ભગવંત સામે જોઇ રહ્યા હતા. આચાર્ય મહારાજશ્રીએ પણ વાસક્ષેપ હાથમાં લઈ માનદેવ મુનિના મસ્તકે નાખવા પોતાનો હાથ ઊંચો કર્યો. મુનિરાજે પણ જીવનની એ ધન્ય ઘડીએ વાસક્ષેપ નખાવવા પોતાનું મસ્તક નીચે નમાવ્યું. સાધુઓ અને સાધ્વીજીઓએ પણ પોતપોતાના વાસક્ષેપવાળા હાથ ઊંચા કર્યા.

પરંતુ બરોબર એજ વખતે પ્રદ્યોતનસૂરિજીની દૃષ્ટિ માનદેવમુનિના બંને ખભા પર પડી અને ત્યાં એક ખભા પર તેમણે લક્ષ્મીજીનું ચિહ્ન જોયું અને બીજા ખભા પર સરસ્વતીનું ચિહ્ન નિહાળ્યું. એ દૃશ્ય જોઈ આચાર્યશ્રી મનમાં સમસમી ગયા અને તેમના દેહમાં આછી કંપારી છુટી. તેમને થયું કે જ્યાં સુધી આ તેજસ્વી આત્મામાં સરસ્વતીનું વર્ચસ્વ રહેશે ત્યાં સુધી તો કશો વાંધો નહિ આવે. પણ આવી યુવાવસ્થા, બ્રહ્મચર્ય અને જ્ઞાનનું તેજ–આ બધા કારણે લક્ષ્મીની પ્રબળતા વધી જવા પામે, તો શાસનના માટે આવો જીવ આશીર્વાદ રૂપ થવાને બદલે ભય રૂપ થઈ પડે.

મસ્તક પર વાસક્ષેપ પડતો ન દેખાયો એટલે માનવમેદની સ્તબ્ધ થઈ ગઈ. મુનિરાજે પણ ઊંચે જોયું અને પોતાની તીવ્ર અને કુશાગ્ર બુદ્ધિના કારણે એક પળમાં જ આચાર્યશ્રીના મનોભાવ સમજી ગયા. ગુરુદેવના મનની મૂંઝવણ સમજી જઈ તુરત જ બે હાથ જોડી કહ્યું: 'ભગવંત! આચાર્ય પદવી આપતા પહેલાં મને જીંદગીના અંત સુધી છ વિગઈના ત્યાગનો નિયમ આપો, કારણ કે જે સ્થાન પર આપ મને મૂકવા માગો છો, તે સ્થાનને તપ વિના હું દીપાવી શકીશ નહિ.' મુનિરાજના આવા અજોડ ત્યાગની વાત સાંભળી લોકો દિઙ્મૂઢ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ ગયા. આચાર્યશ્રી પણ હવે નિશ્ચિંત બની ગયા. મુનિજીને જાવજીવ છ વિગઈના ત્યાગનો નિયમ આપ્યો અને પછી આચાર્યશ્રીએ માનદેવમુનિને મસ્તકે વાસક્ષેપ નાખ્યો. ચારે બાજુથી સાધુઓ અને સાધ્વીજીઓએ નૂતન સૂરિજીને વાસક્ષેપ નાખી વધાવ્યા અને માનદેવસૂરિજીની જય બોલાવી.

પિતાના સુખ અર્થે ભીષ્મપિતામહે બાલ્યવયે જ અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલું, એવું જ મહાભિનિષ્ક્રમણ, સ્વ-કલ્યાણ અને પોતાના ગુરુદેવને નિશ્ચિંત કરવા માટે, જાવજીવ છ વિગઈનો ત્યાગ કરી માનદેવસૂરિજીએ કરી બતાવ્યું. ત્યાગ એટલે પછી સંપૂર્ણ ત્યાગ, એમાં જરાએ છૂટછાટ સંભવી શકે જ નહિ. માનવનો કોઈ મોટામાં મોટો શત્રુ હોય તો, તે તેની રસેન્દ્રિય છે. વાસના અને કામનાની જનેતા પણ રસેન્દ્રિય જ છે. રોગ માત્રની જનેતા અને અન્ય તમામ ઇન્દ્રિયોને બહેકાવનારી પણ માનવની રસેન્દ્રિય જ છે. તેથી જ તો કહેવાય છે કે જેણે પોતાની સ્વાદેન્દ્રિય પર વિજય પ્રાપ્ત કર્યો તેણે સંસારમાં જ પોતાનું સ્વર્ગ પ્રાપ્ત કરી લીધું. છ વિગઈનો ત્યાગ એવું તો અલૌકિક તપ છે, કે જેમાં દેહને પોષણ મળી રહેવા છતાં, મન અને ઇન્દ્રિયોમાં પછી તોફાની વૃત્તિ જાગવાની શકયતા જ નથી રહેતી. રસેન્દ્રિય જીતાયા પછી અન્ય ઈન્દ્રિયો આત્માની દાસીઓરૂપ બની જાય છે.

## (૨)

માનદેવસૂરિજીનું જ્ઞાન અને ચારિત્ર ઉત્કૃષ્ટ કોટિનું હતું અને મંત્ર તેમજ તંત્ર વિદ્યામાં પણ તેઓ નિષ્ણાત હતા. આચાર્યશ્રી એક વખત નાડોલમાં હતા, ત્યારે શાકંભરી નગરીમાં મરકીનો ભયંકર ઉપદ્રવ ફેલાયો. લોકો ટપોટપ મરવા લાગ્યા અને આખી નગરી સ્મશાન જેવી બનવા લાગી. લોકોની મૂંઝવણનો પાર ન રહ્યો. એ વખતે અંતરીક્ષમાંથી અવાજ સંભળાયો કે નાડોલમાં શ્રી માનદેવસૂરિજી બિરાજે છે, તેમના ચરણોનાં પ્રક્ષાલન જળનો ગામમાં છંટકાવ કરો એટલે તમામ ઉપદ્રવ શાંત થઈ જશે. ગામ લોકોએ તુરત જ વીરદત્ત નામના એક શ્રાવકને તૈયાર કરી આચાર્યશ્રી પાસે નાડોલ રવાના કર્યો.

આચાર્યશ્રી મંત્રસિદ્ધ મહાપુરુષ હતા. લોકો દેવદેવીઓને રીઝવવા સાધના કરતા હોય છે, પરંતુ ઉગ્રતપ અને વિશુદ્ધ બ્રહ્મચર્યનો એવો પ્રભાવ હોય છે કે ખૂદ દેવદેવીઓ જ પોતે આવી લબ્ધ પ્રતિષ્ઠ વિભૂતિઓનું સાન્નિધ્ય ઇચ્છતા હોય છે. વીરદત્ત ઉપાશ્રયમાં આચાર્ય પાસે પહોંચ્યો તે વખતે જયા, વિજયા અને અપરાજિતા દેવીઓ તેમની પાસે બેઠી હતી. માનવ સ્ત્રી અને દેવીઓ વચ્ચેનો ભેદ વીરદત્ત ન સમજી શકયો. અધકચરું જ્ઞાન ઘણી વખત માણસને મુશ્કેલીમાં મૂકી દે છે. કોઈ પણ પ્રસંગનો પ્રત્યાઘાત માનવમન પર તેના ઉછેર, અનુભવ અને પ્રકૃતિ અનુસાર જ પડતો હોય છે, અને તેથી કોઈના વિષે અભિપ્રાય બાંધતા પહેલાં બહુ સાવચેત રહેવું જરૂરી છે. દેવીઓને આચાર્ય પાસે બેઠેલી જોઈ વીરદત્તે વિચાર્યું કે ધર્મશાસ્ત્રોએ તો લંગડી, લૂલી નકટી, હાથપગ કપાયેલી સો વર્ષની બુઢ્ઢી હોય તો પણ બ્રહ્મચારી માટે તો તેનો પણ સંગ-વર્જિત હોવાનું કહ્યું છે. ત્યારે અહિં તો આચાર્યશ્રી અપ્સરાઓ જેવી સ્ત્રીઓથી વીંટળાઈને બેઠા છે. આ તે શું મુનિનાં લક્ષણો છે? જેણે માત્ર મસ્તક મુંડાવ્યું છે, પણ મન તો વિલાસી છે એવા મુનિને વંદન કરવામાં, વંદન કરનારો એ મુનિની શિથિલતા અને ભ્રષ્ટતાને ઉત્તેજન આપી દોષમાં જ પડે છે, એમ માની લઈ વીરદત્ત તો વંદન-વિધિ કર્યા વિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્યની સામે ભારેખમ થઈ બેસી ગયો. આચાર્યશ્રીને તો વીરદત્તનું આવું જડ માનસ જોઈ તેના પર કરુણા ઉપજી, પણ પેલી દેવીઓથી વીરદત્તનું આવું વર્તન સહન ન થયું. માનવ કરતાં પણ નારીઓ અને દેવીઓ વધુ સ્વમાનપ્રિય હોય છે. પોતાના થયેલાં અપમાન કરતાં પણ વીરદત્તે આચાર્યશ્રી પ્રત્યે જે તુચ્છ વર્તન દાખવ્યું, તેથી રોષે ભરાયેલ દેવીઓએ વીરદત્તને યંત્રવત જમીન પર જડી દઈને બોલી : 'અરે મૂર્ખ ! તું જ્યાં ત્યાં ચારિત્રની શિથિલતા જ જોયા કરે છે ? ગોળ અને ખોળ વચ્ચેના ભેદનું પણ તને ભાન નથી લાગતું. અમે માનવ લોકની નારીઓ નથી, પણ દેવલોકની દેવીઓ છીએ, અને આવા પ્રતાપી મહાત્માઓને અવાર–નવાર વંદન કરવા આવતા રહીએ છીએ.'

સાચી વાત સમજાતાં વીરદત્તને શરમનો કોઈ પાર ન રહ્યો. દેવીઓની ક્ષમા માગી અને ઊભા થઈ આચાર્યશ્રીને ભાવપૂર્વક વંદન કરી પોતાથી થયેલા અવિનયની માફી માગી. પોતે જે કાર્ય અર્થે આવ્યો હતો તે અંગે વાત કરી. માનદેવસૂરિજીએ ત્યાં જ શાંતિસ્તવ તૈયાર કર્યું (નાડોલમાં જે ઓરડામાં આ સ્તોત્ર તૈયાર કરેલું, તે આજે પણ મોજુદ છે) અને વીરદત્તને મંત્રેલું જળ આપ્યું, જે છાંટવાથી શાકંભરીમાં મરકીનો ઉપદ્રવ તુરત શાંત થઈ ગયો. શાંતિસ્તવ ઉપર શ્રી હર્ષકીર્તિસૂરિજીએ વિ. સં. ૧૬૩૮માં, વાચનાચાર્ય શ્રી ગુણવિનયે વિ. સં. ૧૬૫૮માં, શ્રી સિદ્ધિચન્દ્ર ગણિએ વિ. સં. ૧૬૯૦ની આસપાસ અને ધર્મપ્રમોદ ગણિએ પણ તે જ અરસામાં ટીકાઓ રચેલી છે. મહા માંગલ્યકારી નવ સ્મરણનું ચોથું 'તિજય પહુત્ત' સ્તોત્ર પણ માનદેવસૂરિજીએ જ રચેલું છે.

કહે છે કે માનદેવસૂરિજીએ પછી પંજાબ તરફ વિહાર કરી ત્યાં અનેક ક્ષત્રિયોને પ્રતિબોધ્યા હતા અને વીર સંવત ૭૩ માં ગિરનાર તીર્થે અણસણ કરી સ્વર્ગમાં સંચર્યા. આપણા આ મહાન આચાર્યશ્રીએ લક્ષ્મી અને સરસ્વતીના ચિહ્નો છતાં સરસ્વતીનું પ્રાબલ્ય અખંડિત જાળવી જૈનશાસન પર મહાન ઉપકાર કર્યો છે. માનવદેહ તો નાશવંત છે, પણ આવા મહાન આચાર્યનો પુણ્યાત્મા તો તેમનાં સત્કાર્યો દ્વારા સદા માટે જીવંત રહે છે. नास्ति तेषां यशः काये जरा मरण भयं આવા પુણ્યાત્માઓની યશઃ કાયાને જરા અને મૃત્યુનો ભય હોતો નથી.

આચાર્યશ્રીનું રચેલું સ્તોત્ર લઘુ શાંતિ આજે પણ હંમેશા પ્રતિક્રમણ વખતે બોલવામાં આવે છે. જૈન શાસન આવા આચાર્યોના કારણે જ આજે પણ દીપતું જ રહ્યું છે.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃત્યુ મરી ગયું રે લોલ!

લેખક : ખીમચંદ ચાંપશી શાહ એમ. એ.

મૃત્યુ! કેવો ભયાનક શબ્દ!

આ શબ્દ સાંભળતાં જ આપણને ધ્રૂજારી છૂટે છે, શરીર પરસેવાથી રેબઝેબ થઈ જાય છે, ગળું સુકાવા માંડે છે અને કોઈ ન સમજાય તેવી ભડકથી હૃદયના ધબકારા વધી જાય છે.

આનું કારણ શું?

જ્યારે બાળક કોઈ અણગમતી હઠ પકડે છે, ત્યારે આપણે એક કાલ્પનિક હાઉ ઊભો કરીએ છીએ અને "જો! હાઉ આવ્યો" એમ તેને બિવડાવીને હઠ છોડાવવાનો પ્રયાસ કરીએ છીએ. મૃત્યુના સંબંધમાં પણ કોઈ આવી જ વાત હોય તેમ લાગે છે. સંતો અને ભજનિકોએ મૃત્યુનો હાઉ ઊભો કર્યો હોય તેમ જણાય છે. તેમણે મૃત્યુના દૂતો તરીકે કાળા અલમસ્ત પાડા ઉપર બેસી ફરનારા, અત્યંત ભયાનક દેખાવવાળા અને અતિશય ક્રૂર સ્વભાવવાળા યમદૂતો (જમડા)ની તથા સાથે સાથે જેનું વર્ણન સાંભળતાં જ આપણાં રૂંવાડાં ખડાં થઈ જાય અને ગાત્રો શિથિલ થઈ જાય તેવા નરક નામના ભયાનક ક્ષેત્રની કલ્પના કરી છે, અને આ કલ્પનાને મૃત્યુના હાઉ તરીકે યોજી તેનાથી બિવડાવીને અજ્ઞ જનોને અધર્મ અને અનીતિના માર્ગ તરફ જતાં અટકાવવાનો પ્રયાસ કર્યો છે. આ હાઉથી તેઓ એ માર્ગ તરફ જતાં કેટલા પ્રમાણમાં અટકયા છે તે એક વિચારણીય પ્રશ્ન છે. પરંતુ આપણે ડરી તો ગયા છીએ તે ચોક્કસ છે.

તો શું મૃત્યુ આવું ભયાનક નથી?

તેનાથી ડરવાની જરૂર નથી?

ના, હરગીઝ ના.

જ્યારે વૃદ્ધાવસ્થાના કે અન્ય કોઈ કારણે આપણો દેહ ભાંગેલા યંત્ર જેવો બની ગયો હોય, આપણાં અંગો-ઉપાંગો શિથિલ થઈ ગયાં હોય અને કામ કરતાં લગભગ અટકી ગયાં હોય તથા શારીરિક પીડાઓ આપણને હેરાન-પરેશાન કરતી હોય ત્યારે મૃત્યુ આવીને આપણને આ જર્જરિત દેહ અને તેની પીડાઓમાંથી મુક્ત કરે છે. આ રીતે તે આપણું મિત્રકાર્ય કરે છે.

હવે આ સંબંધમાં આપણે વિચારકો અને તત્ત્વજ્ઞોના મતો તપાસીએ.

આચાર્ય વિનોબાજી ભાવે કહે છે: "આખો દિવસ કામ કરનારના માટે રાત્રિની નિદ્રા જેટલી આવશ્યક અને આનંદદાયક છે, તેટલી જ જીવનભર મહેનત કરનારના માટે અંતિમ મહાનિદ્રા આવશ્યક અને આનંદદાયક છે. મૃત્યુ એ ભગવાનનું સૌમ્યતમ રૂપ છે."[૧]

ભ. શ્રી કૃષ્ણ કહે છે: "જેમ આપણને આ દેહમાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, તેમ જ અન્ય દેહની પણ પ્રાપ્તિ થાય છે." વળી તેઓ એમ પણ કહે છે કે, "જેમ આપણે દેહ ઉપરનાં વસ્ત્રો જીર્ણ થતાં તેને છોડીને નવાં વસ્ત્રો ધારણ કરીએ છીએ, તેવી જ રીતે દેહ પણ જીર્ણ થતાં તેને છોડીને બીજા દેહમાં જઈએ છીએ."[૨] આ દૃષ્ટિએ મૃત્યુ એ આપણને એક દેહમાંથી બીજા દેહમાં લઈ જનારૂં વાહન છે.

કવિકુલગુરુ કાલિદાસ કહે છે; "મરણ પ્રકૃતિ

૧. વિચારપોથી : મણકો ૪૭

૨. ભગવદ્ગીતા : અ. ૨. શ્લોક ૧૩, ૨૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે અને જીવન વિકૃતિ છે." [૩] એટલે મૃત્યુ પછીની સ્થિતિ સ્વાભાવિક સ્થિતિ છે અને જીવન વિકારવાળી સ્થિતિ છે. આપણે ચૈતન્ય સ્વરૂપી આત્મા છીએ. આપણું આત્મિક જીવન અનંત અને અખંડ છે. હવે જેવી રીતે શાંત સપાટપણું વિશાળ સિંધુની સ્વાભાવિક સ્થિતિ છે, પણ તેમાં વારંવાર પરપોટાઓ ઉત્પન્ન થઇ વિકૃત સ્થિતિ ઉત્પન્ન થાય છે અને પરપોટાઓ ફૂટી જતાં ફરી પાછી પ્રાકૃત–સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે આપણા અનંત અને અખંડ જીવનસિંધુમાં શરીરધારી જીવનરૂપી પરપોટાઓ ઉત્પન્ન થાય છે પણ તે વિકૃત સ્થિતિ છે. મૃત્યુ આ પરપોટાઓ ફોડી ફરી પાછા સ્વાભાવિક સ્થિતિ ઉત્પન્ન કરે છે. આ દષ્ટિએ પણ મૃત્યુ ખાસ આવશ્યક કાર્ય કરે છે.

એક બીજી પણ દષ્ટિ છે. આપણો આત્મા વિકાસશીલ છે. વિકાસ સાધતાં સાધતાં છેવટે પૂર્ણ બની તેણે મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. દરેક જીવનમાં તે વિકાસનું એક પગથિયું સાધે છે. એક જીવનનો વિકાસ સધાઈ જતાં તેણે અધિક વિકાસ માટે બીજા જીવનમાં જવાની આવશ્યકતા છે. મૃત્યુ આ આવશ્યકતા પૂરી પાડે છે.

ગમે તે દષ્ટિએ જોઇએ, પણ મૃત્યુ ભયંકર તો નથી જ. તે જીવન સાથે સંકળાયેલું જીવનનું એક અનિવાર્ય અંગ છે. જીવન અને મૃત્યુ અતૂટ ગાંઠથી જોડાયેલું એક જોડકું છે. જે જન્મે છે તે અચૂક મરે જ છે. જો આજે નહિ તો કાલે મૃત્યુ આવવાનું જ છે, તો પછી તેનાથી ડરવાનો અર્થ શો? ખરેખર, આપણે મૃત્યુ પ્રત્યે નિર્ભય દષ્ટિ કેળવવાની જરૂર છે.

"હાયહાય, વોયવોય, ઊંહુહુહુ" એમ માંદગીમાં બરાડા પાડવાનો કાંઈ અર્થ નથી. આપણા દેહના કષ્ટો આપણે જ ભોગવવાનાં છે, તેમ સમજી દઢ ધીરજથી તે સહી લેવાં તે જ શ્રેષ્ઠ માર્ગ છે. આમ કરવાથી આપણને શાંતિ મળે છે, અને આપણી આસપાસનાઓને રાહત રહે છે. આપણે આપણા સ્નેહી સંબંધીઓને કહી દેવું જોઇએ કે "અંતિમ સમયે મારી આસપાસ એકઠા મળી રોકકળ કરશો નહિ અને કોઈપણ કારણસર કોલાહલ કરશો નહિ. પરંતુ મને શાંતિથી આ દેહ છોડી જવા દેજો." મૃત્યુને ભેટવાની આ ગુરુચાવી છે. જગતના બધા જ મહાપુરુષો આવી જ રીતે શાંતિપૂર્વક મૃત્યુને વર્યા છે. તેમનાં દષ્ટાંતો આપણને પ્રેરણાદાયી બન્યાં છે.

શ્રી મનસુખલાલ તા. મહેતાએ 'આત્માનંદ પ્રકાશ' માસિકના સં. ૧૯૭૪ના જેઠ–અષાઢના અંકમાં "જીવનનું અમૃત–મૃત્યુ" એ નામનો એક વિચારણીય લેખ લખ્યો છે. તેમાં શરૂઆતમાં જીવન અને મૃત્યુ સંબંધમાં ચિંતનશીલ નોંધ લખી ગ્રીસનો મહાન ફિલસુફ સુકરાત (Socrates) કેવી જાગ્રતિપૂર્વક સ્વસ્થતાથી મૃત્યુને ભેટ્યો તેનું પ્રેરણાત્મક વર્ણન આપ્યું છે.

સુકરાત ઉપર દેશના યુવાનોને દેવો પ્રત્યે અશ્રદ્ધાળુ બનાવવાનો અને ઊંધે માર્ગે દોરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આરોપ તદ્દન ખોટો હતો, છતાં પણ તેને 'ઝેર આપીને દેહાંતની શિક્ષા' ફરમાવવામાં આવી હતી. શિક્ષાના ફરમાન અને બજાવણી વચ્ચેનો સમય તેણે તત્ત્વચિંતનમાં ગાળ્યો હતો. આ સમય દરમિયાન જેલમાંથી નાસી છૂટવાની તક તેને સાંપડે તેમ હતું. પરંતુ આ તકની વ્યવસ્થા કરી આપવા તૈયાર થનાર પોતાના ધનાઢ્ય મિત્ર–શિષ્ય ક્રિતોને તેણે કહ્યું કે: "ક્રિતો! દેશના કાયદાઓની છત્રછાયા નીચે મને જન્મ, પોષણ અને શિક્ષણ પ્રાપ્ત થયાં છે, તથા મારૂં આખું જીવન શાંતિપૂર્વક પસાર થયું છે. હવે તે

---

૩. રઘુવંશ સર્ગ ૮ શ્લોક ૮૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાયદાઓનો અધિકાર મને માન્ય નથી તેમ કહી નાસી જવાથી તો કાયદાઓનો ભંગ કરનાર, દેશદ્રોહી, બેઈમાન અને દંભી તરીકેનું કલંક મને કાયમના માટે લાગી જશે. વળી નાસી જઈને હું જ્યાં જઈશ, ત્યાંના લોકો પણ કહેશે કે, 'આ બુઢ્ઢો તો જૂઓ! હાડ–માંસ ગળી ગયાં હોવા છતાં પોતાના દેશના કાયદાનો ભંગ કરીને જીવવાની આશાએ અહીં આવ્યો છે.' આમ મારી હાંસી કરશે. મને સિત્તેર વર્ષ થયાં છે. મૃત્યુ આજે નહિ, તો કાલે આવવાનું જ છે. તો પછી થોડો સમય વધુ જીવવાની આશાએ મારે કાયમના માટે લોકનિંદાને પાત્ર કલંકી શા માટે બનવું?" આમ કહી તેણે નાસી જવાની ચોકખી ના પાડી.

શિક્ષાની બજાવણીના સમયે તે પોતાના થોડાક અંગત મિત્રો સાથે આત્માની અમરતા સંબંધી ચર્ચા કરી રહ્યો હતો. આ સમયે જેલરે આવી શિક્ષાનો સમય થઈ ગયો છે તેવી સૂચના આપી. આથી તેણે સ્નાન ગૃહમાં જઈને સ્નાન કર્યું અને પછી તેણે જરા પણ વ્યગ્ર બન્યા સિવાય ઝેરનો કટોરો નોકરના હાથમાંથી લઈ લીધો, અને તદ્દન ધૈર્ય અને શાંતિપૂર્વક ઝેર ગટગટાવી ગયો. આ કરુણ દૃશ્ય જોઈને તેના મિત્રો, જેલર અને જેલનો નોકર સર્વે રડવા માંડ્યા. તેમને તેણે કહ્યું કે "મિત્રો! તમારૂં ધૈર્ય કયાં ગયું? સ્ત્રીઓ રડીને કકળાટ મચાવી મૂકે માટે મેં તેમને અહીં હાજર રહેવા દીધી નથી. અંતકાળે શાંતિ રાખવી અને પરમેશ્વરનું ચિંત્વન કરવું જોઇએ. માટે શાંતિ અને ધૈર્ય રાખો તથા રડવું બંધ કરો."

આ પછી તેમણે જેલરની સૂચના અનુસાર કોટડીમાં આંટા મારવા શરૂ કર્યા. ધીમે ધીમે ઝેરની અસર વર્તાવા માંડી, અને પગ ખોટા પડવા માંડ્યા એટલે તે સૂઈ ગયો. શરીર ઠંડુ પડતું જતું હતું. એટલામાં તેને કાંઈક યાદ આવ્યું અને કહ્યું કે "ક્રિતો! એસ્કયુલેપિયસ દેવને એક બલિ આપવાની મેં બાધા રાખી છે તે તું પૂરી કરજે. ભૂલીશ નહીં." આ જ તેના છેવટના શબ્દો.

ક્રિતોએ 'ઠીક' કહી હજી કાંઇ કહેવાનું છે તેમ પૂછ્યું. પણ તેણે કાંઈ જવાબ આપ્યો નહીં. ઝેરની અસર હૃદય સુધી પહોંચી ગઈ હતી, તેણે શાંતિપૂર્વક દેહ છોડ્યો. આ રીતે એક મહાન જ્ઞાન અને શાણપણમાં પરિપૂર્ણ અને ઇમાની મહાપુરૂષ મૃત્યુને વર્યો.

કેવું ભવ્ય મૃત્યુ! મૃત્યુ પણ તેને લઈ જતાં શરમિંદુ બન્યુ હશે.

બધા જ મહાપુરુષો આવી જ રીતે ધૈર્ય અને શાંતિપૂર્વક મૃત્યુને વર્યા છે.

આપણા સાહિત્યમાં ભ.બુદ્ધના પરિનિર્વાણની હકીકત પણ આવી જ પ્રેરણાદાયી છે. તેમના છેલ્લા સમયની, ખાસ કરીને છેલ્લા દિવસની, ચર્ચા બૌદ્ધોના ધર્મ ગ્રંથ મહાપરિનિબ્બાણસુત્તમ્‌માંથી ટૂંકાવીને હવે પછીના લેખમાં આપવા વિચાર રાખું છું.

## સોક્રેટિસના એક શિષ્ય ઝેનોફને નોંધેલી સોક્રેટિસની ઇશ્વર પ્રાર્થના

પરમેશ્વર! અમારૂં ખરેખરૂં કલ્યાણ શામાં છે અને અકલ્યાણ શામાં છે તે અમે સમજતા નથી. તું સર્વજ્ઞ છે અને તે સર્વ તને સુવિદિત છે. માટે જેમાં અમારૂં કલ્યાણ સમાયેલું હોય, તે અમે તારી પાસે ન માગીએ તો પણ તું અમને આપજે; અને જેમાં અમારૂં અકલ્યાણ હોય, તે અમે તારી પાસે માગીએ તો પણ તે અમને ન આપીશ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેના બેંક કૅશ સર્ટિફિકેટ

ખરીદીને હવે ૨૦ વર્ષમાં આપનાં નાણાં **સાતગણાં**થી અધિક કરો !

**રૂ. ૧૩,૬૪૬.૧૫ હમણાં રોકો અને રૂ. ૧,૦૦,૦૦૦ પાકતી મુદતે મેળવો.**

| મુદત | વેચાણ કિંમત | પાકતી મુદતે મળનારી રકમ |
|---|---|---|
| ૨૦ વર્ષ | રૂ. ૧૩.૬૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૧૩૬.૪૬ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૬૮૨.૩૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૧,૩૬૪.૬૨ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૬,૮૨૩.૦૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૧૩,૬૪૬.૧૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૫ વર્ષ | રૂ. ૨૨.૪૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૨૨૪.૫૨ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૧૨૨.૬૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૨,૨૪૫.૨૧ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૧,૨૨૬.૦૭ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૨૨,૪૫૨.૧૩ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૦ વર્ષ | રૂ. ૩૬.૯૪ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૩૬૯.૪૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૮૪૭.૦૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૩,૬૯૪.૦૭ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૮,૪૭૦.૩૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૩૬,૯૪૦.૭૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| વર્ષ | રૂ. ૫૫.૦૨ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૫૫૦.૧૮ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૨,૭૫૦.૮૯ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૫,૫૦૧.૭૮ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૨૭,૫૦૮.૮૯ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૫૫,૦૧૭.૭૮ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૬૧ મહિના | રૂ. ૬૦.૨૮ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૦૨.૭૭ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૦૧૩.૮૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૦૨૭.૬૬ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૦,૧૩૮.૨૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૦,૨૭૬.૫૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૪ વર્ષ | રૂ. ૬૯.૮૬ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૯૮.૬૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૪૯૩.૦૭ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૯૮૬.૧૪ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૪,૯૩૦.૭૧ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૯,૮૬૧.૪૧ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ | રૂ. ૭૬.૪૧ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૭૬૪.૧૫ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૮૨૦.૭૪ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૭,૬૪૧.૪૯ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૮,૨૦૭.૪૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૭૬,૪૧૪.૯૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |

દેના બેંક કૅશ સર્ટિફિકેટ, બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે, આકર્ષક વેચાણ કિંમતે ઓછી રકમનાં અને ઓછી મુદત માટે પણ મળે છે.

જરૂરત પડતાં, દેના બેંક કૅશ સર્ટિફિકેટ તેની ખરીદ તારીખથી એક વર્ષ બાદ ગમે ત્યારે વટાવી શકાય છે. આપ એની સામે બેંક પાસેથી લૉન પણ માગી શકો છો.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો.

બેંક ડિપોઝિટો પરનું વ્યાજ તથા અન્ય માન્ય મૂડી રોકાણોમાંથી થનારી આવક વાર્ષિક રૂ. ૩,૦૦૦ની મર્યાદા સુધી આવકવેરામાંથી મુક્ત રહેશે; બેંકમાં મૂકેલી ડિપોઝિટો અને અન્ય માન્ય મૂડી રોકાણો રૂ. ૧,૫૦,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્ત રહેશે.

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)

હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦ ૦૨૩


Ratan Batra/DB/G/278

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાણી

## આકાશનું અને પૃથ્વીનું



લે. પૂ. ઉપાધ્યાય અમરમુનિ

આકાશનું પાણી પૃથ્વીનો સ્પર્શ નથી કરતું ત્યાં સુધી તેનો સ્વાદ અને ગુણ એક સરખા હોય છે, પછી ભલે તમે તે જુનાગઢમાં મેળવો, મુંબઈમાં મેળવો કે અમેરીકામાં મેળવો. પણ જેવો પૃથ્વીનો સ્પર્શ થાય છે કે તેના સ્વાદ, ગુણ અને રૂપ પણ બદલાઇ જાય છે. તે સમુદ્રમાં પડે છે તો ખારું થઇ જાય છે, અમુક સ્થળે પડે છે તો પચવામાં ભારે બની જાય છે અને અમુક સ્થળે હલકું. પૃથ્વીના પાણીમાં ભેદ છે, પણ આકાશના પાણીમાં અભેદતા છે. ધર્મ એ આકાશમાંથી વરસતું પાણી છે. તેમાં કયાંય ભેદ નથી. જૈનો પાસે તે પાણી હશે તો શું તેના સ્વાદ અને ગુણમાં કોઇ ફરક પડશે? અને વેદાંતીઓ તથા બૌદ્ધો પાસે હશે તો તેના સ્વાદ અને ગુણ જુદા હશે? આધ્યાત્મિક આનંદના રૂપે ધર્મનું દર્શન સર્વત્ર એક છે. પણ પંથનો સ્પર્શ થયા પછી તેના રૂપ અને ગુણ બદલાઇ જાય છે. પછી તે સારો કે ખરાબ બની જાય છે. તે તારા–મારાની કેદમાં આવી જાય છે. પછી તે એક જ પંથમાં ઘણી ઉપદીવાલો ખડી કરી દે છે. પરિણામે તે એકબીજા માટેનાં બારણાં બંધ કરી દે છે.

હું એક ગામમાં ગયો. સાંજનો સમય હતો. રહેવા માટે પૂછયું તો લોકોએ કહ્યું; અહીં તમારા જૈનોની ધર્મશાળા છે, ત્યાં જાવ. હું ધર્મશાળાએ ગયો તો પૂછવામાં આવ્યું; તમે શ્વેતામ્બર છો કે દિગમ્બર? મેં કહ્યું; દિગમ્બર તો નથી. જવાબ મળ્યો; તો અહીં જગ્યા નથી. મેં કહ્યું; સાંજ પડી ગઇ છે અને સાધુ રાતે ચાલતા નથી. તોય જવાબ મળ્યો; અહીં જગ્યા નથી. હું જોઈ રહ્યો હતો કે ખૂબ જગ્યા ખાલી પડી છે, પણ તે દિગમ્બર માટે હતી, શ્વેતામ્બર માટે નહિ.

પછી શ્વેતામ્બરોને ત્યાં ગયો, તો કહેવામાં આવ્યું: તમે સ્થાનકવાસી છો માટે આ જગ્યા નહિ મળી શકે. મેં કહ્યું: સારું. હું ત્યાંથી ચાલી નીકળ્યો. થયું, નમસ્કાર છે આ દેશને! અહીં ધર્મશાળાઓમાં પૂછવામાં આવે છે કે તમે કયા ધર્મને માનો છો. એથી વધુ ધર્મનું અપમાન બીજું શું હોય?

હું આગળ વધ્યો. સાધુ માટે કયાંક તો બારણાં ખુલ્લાં હોય જ છે. એક વૈષ્ણવ સાધુ મળ્યા. બોલી ઉઠયા: બાબા! આજે મુકામ કયાં કરશો? મેં કહ્યું: જે જ્યાં પણ મુકામ કરાવે ત્યાં! તેમણે કહ્યું: તો પછી ચાલો, મારી ઝુંપડી પવિત્ર કરો! તેમણે ઝુંપડીનાં જ નહિ, મનનાં બારણાં પણ ખોલી નાખ્યાં. તે સંત હતા, તેમની પાસે સંત-હૃદય હતું, જે પ્રેમથી લબાલબ ભરેલું હતું. તેમણે કહ્યું: તમારા માટે દૂધ લાવું છું, પીવું પડશે, ધરમ--કરમના નિયમો વચ્ચે ન લાવશો. નહિ તો મારો આત્મા દુખાશે. મેં કહ્યું: તમારા પ્રેમનું દૂધ તો લઈ જ લીધું છે. પણ હવે રાત છે, બીજા દૂધની જરૂર નથી. પ્રેમથી તેમને જૈન સાધુનો નિયમ સમજાવ્યો. તે માની ગયા. પણ સવારે તો તે ન જ માન્યા. ગાયના દૂધથી પાત્ર ભરી દીધું.

એ સ્નેહમાં મને આકાશમાંથી વરસતા પાણીની સ્વચ્છતાનાં દર્શન થયાં હતાં, જેનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વાદ સર્વત્ર એકસરખો હોય છે. પંથથી પર રહીને તેમણે તે સ્વચ્છતા મેળવી હતી.

આપણે ધર્મ અને અધ્યાત્મની વાતો તો બહુ કરીએ છીએ, પણ ધર્મ અને પંથને જુદા નથી પાડી શકતા. પંથમાં જ્યાં સુધી ધર્મ જીવે છે, ત્યાં સુધી તેમાં એક નહિ પણ હજાર પંથો હોય તો પણ તે આપણા માટે વરદાન રૂપ છે, પણ જ્યારે પંથ ધર્મથી રહિત હોય છે ત્યારે તે ગંદા ખાબોચિયાની જેમ સડે છે અને બીજાઓ માટે મોતનું વૉરન્ટ કાઢે છે.

પંથ શરીર છે અને ધર્મ આત્મા. એથી વધુ પંથનું કશું મહત્ત્વ નથી. પણ એ ન ભૂલશો, કે શરીર જ્યારે આત્માથી રહિત થઇ જાય છે ત્યારે તેને બાળવું કે દફનાવવું જ પડે છે, એને રાખી મૂકી શકાતું નથી. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીરની ચરણરજ લેવા માટે હજારો દેવો તલસતા હતા, પણ શરીરમાંથી આત્મા વિદાય થયો કે તેમનું પાવન શરીર પણ અગ્નિને અર્પિત કરી દેવાયું.




લોખંડ ના

"બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે."

ગોળ અને ચોરસ સળીયા

પટ્ટ તેમજ પાટા

વિગેરે મળશે

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ : ભાવનગર

તાર : આયર્નમેન

ફોન ઓફીસ ૫૬૫૦, ૩૨૧૯

રેસીડેન્સ ૪૫૫૭, ૫૫૨૫




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૌન એકાદશી આધ્યાત્મિક–મહત્વ



લેખક : અમરચંદ માવજી શાહ-તળાજા

માન એકાદશીનું મહાત્મ્ય શાસ્ત્રોમાં ખૂબજ મહત્વભર્યું વર્ણન વ્યાખ્યાન દ્વારા સાંભળીએ છીએ. આપણે વચનના મૌનને વધુ મહત્વ આપીએ છીએ. પરંતુ ખરી રીતે મનનું મૌન સાધવાનું છે, તેમાં આધ્યાત્મિક મહત્વ છે.

પરમ યોગીશ્વર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ ત્રણસો વરસ પહેલા મહાન શાસ્ત્રવેત્તા અને આધ્યાત્મિક તત્વજ્ઞ મહાપુરૂષ થઈ ગયા. જેમના શાસ્ત્રો– ન્યાય તર્ક અને તત્ત્વજ્ઞાનથી અલંકૃત છે તેમાં 'જ્ઞાનસાર' અષ્ટક–ગ્રંથ તેઓશ્રીની ઉત્તરાવસ્થામાં તેઓશ્રીનાં જ્ઞાન અનુભવના નિચોડરૂપ જૈન ધર્મની ગીતા જેવો ૩૨ અષ્ટકનાં કમળ પુષ્પ જેવો અલૌકીક ગ્રંથ છે અને એક એક અષ્ટક–એવી કુશગુંથણીથી રચેલો છે કે આત્મસાધના કરનાર સાધકોને આ એકજ ગ્રંથ દ્વારા આધ્યાત્મિક–શાંતિ પ્રાપ્ત થઇ શકે.

આ જ્ઞાનસાર અષ્ટક ઉપર તત્ત્વતરંગી શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજે જ્ઞાનમંજરી નામની ટીકા રચી છે જે જ્ઞાનસારના શીખર ઉપર કળશ સમાન છે અને નયનિક્ષેપા પૂર્વક સુંદર ટીકા કરી સમજવામાં સુલભતા કરી છે.

આ જ્ઞાનસાર અષ્ટકમાં ૧૩ મું અષ્ટક 'મૌનાષ્ટક' છે. આ અષ્ટકનું બાળાવબોધ સ્વરૂપ ગુજરાતી ભાષામાં પૂજ્ય–ઉપાધ્યાય મહારાજ સાહેબે જ કરેલું છે તેમાં મૌનાષ્ટકની વ્યાખ્યા કરતા જણાવે છે કે—

"જે જગતના તત્ત્વને જાણે તે મુનિ તેમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે, તે કારણથી મુનિપદની વ્યુત્પત્તિના નિમિત્તરૂપ જગતના તત્ત્વનું જ્ઞાન હોવાથી સમ્યક્ત્વ જ મુનિપણું છે, અથવા મુનિપણું એજ સમ્યક્ત્વ છે. આથી જ બધા શબ્દો ક્રિયાવાચી છે. એવો એવં ભૂત નયનો અભિપ્રાય લઈને આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે– જે સમ્યક્ત્વ છે તેજ મુનિપણું છે. જે મુનિપણું છે, તેજ સમ્યક્ત્વ છે. એ મૌન (મુનિપણું) શિથીલ–મંદવીર્યવાળા–આદ્ર રાગવાળા– વિષયોનો આસ્વાદ લેનારા; વક્ર આચારવાળા, માયાવી અને પ્રમાદી ગૃહસ્થોએ પાલન કરવું શકય નથી. મુનિ મૌનને ધારણ કરીને કાર્મણ શરીરનો ત્યાગ કરે છે, તેને માટે સમ્યક્ત્વદર્શી વીર પુરૂષે પ્રાન્ત અને રૂક્ષ ભોજન કરે છે."

"શુદ્ધ શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન વડે જેનો નિર્ણય કરેલો છે. અને સમ્યગ્જ્ઞાન વડે જેને પુદ્ગલાદિથી ભિન્નરૂપે જાણેલ છે તે આત્મસ્વરૂપનું ઉપાદેયપણું છે. તેમાં તે પ્રકારે રમણ કરવું તે ચારિત્ર છે અને ચારિત્ર તેજ મુનિપણું છે–એ મૌનનું યથાર્થ સ્વરૂપ છે. શુદ્ધ સિદ્ધપણાનો નિર્ધાર તે સમ્યક્ત્વ છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ચેતના લક્ષણવાળો જીવ છે, અને તે પોતે કર્મથી બંધાયેલો છે. અને વિભાવ પરિણતીથી ઘેરાયેલો હોવા છતાં પણ સત્તા વડે કર્મમળ રહિત અને જ્ઞાનાનંદરૂપ છે, તેને તેવા સ્વરૂપે નિર્ધારીને તેનું આવરણ મટાડવા માટે મોહના કારણ અને જ્ઞેયરૂપે જાણેલા દ્રવ્યાસવોને દૂર કરે છે, એથી સમ્યક્ત્વ એ જ મુનિપણું–મૌનપણું છે."

એટલે સમ્યગ્દર્શનથી જ આત્મધર્મની શરૂઆતો સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનથી તેરમા સુધી એક જ છે. જ્ઞાનમાં તરતમતા હોવાથી તેનું જેમ જેમ આવરણ ટળે તેમ જ્ઞાન પ્રકાશિત થતું જાય. તેરમા ગુણસ્થાને સંપૂર્ણ કેવળજ્ઞાન થાય. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની અભેદતા એકતા થાય ત્યાં સર્વવિશુદ્ધિ થાય છે. વ્યવહારનયથી ત્રણ છે, નિશ્ચયનયથી ત્રણે એક આત્મા જ છે.

યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યજીએ જણાવ્યું છે કે—

"અથવા સંયમીનો આત્મા જ દર્શન–જ્ઞાન ને ચારિત્ર છે...."

"આત્મા મોહના ત્યાગથી આત્માને વિષે આત્મા વડે આત્માને જે જાણે છે તે જ તેનું ચારિત્ર છે, તે જ જ્ઞાન છે અને તે જ દર્શન છે.

હું સાધ્ય છું, હું સાધક છું, હું સિદ્ધ સ્વરૂપ છું તથા દર્શન–જ્ઞાન અને આનંદ સ્વરૂપ અનંત ગુણમય છું. એવી તીવ્રજ્ઞાન દશા થાય એ મુનિનું સ્વરૂપ છે, એ શ્રદ્ધા જ્ઞાન ચારિત્રમાં તન્મયતા ને મૌન છે. આત્મ સ્વરૂપની ભાવના અને પરભાવનો ત્યાગ એજ મૌનપણું છે. જ્ઞાનમાં સ્થિરતા એ જ ચારિત્ર છે, જ્ઞાનની પ્રવૃત્તિ એ જ ચારિત્ર છે, જ્ઞાન સ્વરૂપ આત્માની સેવા તે આત્માનો ધર્મ છે.

તેથી જેમાં શુદ્ધ આત્મ સ્વભાવનું આચરણ ન થાય અથવા શુદ્ધ આત્માના લાભનું રૂણ રાગ દ્વેષ અને મોહ રૂપ દોષની નિવૃત્તિ ન થાય તે જ્ઞાન નથી અને દર્શન સમ્યક્ત્વ પણ નથી.

વચનના નહિં ઉચ્ચારવા રૂપ મૌન એકેન્દ્રિય જીવોમાં સુલભ છે, પરંતુ પુદ્ગલમાં પોતાની મન, વચન, કાયાની અવ્યાપાર રૂપ અપ્રવૃત્તિ એ ઉત્કૃષ્ટ મૌન છે, એ જ મુનિનું મૌન છે.

યોગો એટલે મન, વચન, કાયાની પુદ્ગલ કર્મનું ગ્રહણ કરવા રૂપ પ્રવૃત્તિને રોકવી તે ઉત્તમ મૌન છે. આત્મતત્વની એકતામાં પરિણત થયેલાનું યોગનો નિગ્રહ કરવા રૂપ મૌન સર્વોત્કૃષ્ટ છે.

મનને નિર્વિકલ્પ કરવા માટે સંકલ્પ, વિકલ્પથી રહિત થવા માટે મિથ્યાત્વ અવિરતિ કષાય યોગનો જપ કરવા જ્ઞાનાવરણીય મોહનીય અંતરાયનો ક્ષય કરી અનંતજ્ઞાન અનંત દર્શન અનંત વીર્ય અવ્યાબાધ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે મૌનની સાધના સામાયિક પૂર્વક સમતા ભાવમાં રહી કરવી. સાધ્યરૂપ અરિહંત પરમાત્માના દ્રવ્યગુણ પર્યાયમાં એકાગ્ર થઈ ચિંતા ચેષ્ટા રહિત થઈ એકાગ્ર થાય તેનો મોહ રાગ દ્વેષ નાશ પામે અને વીતરાગતા સર્વજ્ઞતા પ્રાપ્ત થાય એ માટે સૌથી સહેલો ઉપાય ૐ હ્રીં નમો અરિહંતાણં કે આખા નવકારની જેટલી નિવૃત્તિ મળે તેટલી જાપમાં પ્રવૃત્તિ રાખવી જેથી પૂર્વકર્મનો ક્ષય થાય, નિર્જરા થાય, નવા કર્મનો સંવર થાય અને આત્મા શુદ્ધ બુદ્ધ મુક્ત પરંપરાએ થાય. તપ, જપ, ધ્યાન એ બધી ક્રિયાઓ મોક્ષ સાધક છે. ૐ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ज्ञान क्रियाभ्यां मोक्षः

પં. પૂર્ણાનંદવિજયજી (કુમાર શ્રમણ)

શ્રી ભગવતી સૂત્રના આઠમા શતકના દશમા ઉદ્દેશામાં અન્ય યૂથિકોની સાથે ચર્ચા ચાલી છે. પ્રશ્નકર્ત્તા ગૌતમસ્વામી છે અને ઉત્તરદાતા યથાર્થવાદી ભગવાન મહાવીરસ્વામી છે.

હે પ્રભો! અન્ય યૂથિકો (બીજા મતાવલંબીઓ) આ પ્રમાણે માને છે કે:

(૧) સૌ કરતા શીલ જ શ્રેયસ્કર અને મોક્ષપ્રદ છે.

(૨) જ્યારે બીજા વાદીઓ જ્ઞાનને જ શ્રેયસ્કર માને છે.

(૩) જ્યારે ત્રીજો વાદી કહે છે પરસ્પરની અપેક્ષા વિનાના શીલ અને જ્ઞાન બંને શ્રેયસ્કર છે.

ઉપર પ્રમાણેની પોતપોતાની માન્યતાઓમાં તેઓ નીચે પ્રમાણેના તર્કો પણ આપે છે.

શીલ એટલે ક્રિયા.

આ મતના માનનારા વાદીઓ કેવળ ક્રિયા માત્રથી જ પોતાના ઈષ્ટની સિદ્ધિને માને છે. તેઓ પ્રઘોષે છે કે ઈષ્ટ અર્થની સિદ્ધિ માત્ર ક્રિયાથી જ થાય છે. જ્ઞાન માત્રથી ક્રિયાસિદ્ધિ ક્યાંય પણ દેખાતી નથી. કેમકે આકાશની જેમ જ્ઞાન સ્વતઃ જડ છે, માટે સાધકને ફળ આપનારી ક્રિયા છે. ભોજ્ય (ખાવા પીવા લાયક) અને ભોગ્ય (પાંચે ઇન્દ્રિયોથી ભોગવવા યોગ્ય) પદાર્થોનું ગમે તેવું જ્ઞાન હશે તો પણ એકલાં જ્ઞાન થવા માત્રથી હલવાઇની દુકાન પર રહેલા મિષ્ટાન્નોથી પેટ કોઈનું ભરાતું નથી, તેમ ભોગ્યની સ્મૃતિ માત્રથી તે પદાર્થો પોતાની મેળે આપણી પાસે આવ્યા નથી જ્યારે બંનેના ભોગવટા કરવાની ક્રિયા જ માણસને સુખશાંતિ આપે છે.

"ચન્દનના લાકડાનો ભાર વહન કરનાર ગધેડો કેવળ ભારનો જ ભાગીદાર બને છે, પણ સુગંધની સાથે ગધેડાને કંઇ પણ લેવાદેવા હોતી નથી. તેમ ક્રિયા વિનાનો કોરોધાકોર જેવો જ્ઞાની કે મહાજ્ઞાની પણ સુગતિનો માલિક બની શકતો નથી. મતલબ કે સદ્ગતિ પ્રાપ્ત કરવામાં કેવળ પ્રાણાતિપાતાદિ વિરમણરૂપ ક્રિયા જ શ્રેયસ્કર છે.

જ્યારે બીજા મતાવલંબીઓ ઇષ્ટ સિદ્ધિમાં જ્ઞાનનું માહાત્મ્ય માને છે અને કહે છે કે 'ગમે તેવી ક્રિયાઓ કરનારો યદિ જ્ઞાનરહિત છે તો ઈષ્ટસિદ્ધિ મેળવી શકે તેમ નથી.' "સાધકને જ્ઞાન જ ફળદાયી હોય છે, ક્રિયા ફળવતી હોતી નથી. જ્ઞાન વિનાનો કે વિપરીત જ્ઞાનવાળો ગમે તેવી કે તેટલી પ્રવૃત્તિઓ કરે તો પણ સિદ્ધિ દેખાતી નથી." 'પહેલું જ્ઞાન છે, પછી દયા છે, માટે સૌ પહેલા જ્ઞાન જ શ્રેયસ્કર છે. જ્ઞાન વિનાનો બિચારો અજ્ઞાની (જડ) પાપ અને પુણ્યને શી રીતે જાણવાનો હતો? માટે શ્રુતજ્ઞાન પ્રશંસનીય છે એમ બીજો વાદી કહે છે.

જ્યારે આ જ પ્રસંગને ત્રીજો વાદી આ પ્રમાણે કહે છે: એક બીજાની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાન અને ક્રિયા ઇષ્ટ સિદ્ધિ કરાવનારી છે. જ્ઞાન સાથે ક્રિયા હોવી જ જોઇએ, અથવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રિયા સાથે જ્ઞાન હોવું જોઇએ. આ વાત ઠીક નથી. માટે જે પાત્રથી માણસ તરી શકે, જેનાથી ભવબંધન તૂટી શકે, તે પાત્ર ચાહે જ્ઞાનવાન હોય તોયે વાંધો નથી અથવા એકલી ક્રિયા હોય તો પણ વાંધો નથી. સારાંશ કે– જ્ઞાન અને શીલ (ક્રિયા) સાધકને પવિત્ર કરાવનાર હોવાથી બંને પોતપોતાના સ્થાને સશક્ત છે.

ચોથો વાદી કહે છે : ક્રિયાને ઉપકારક જ્ઞાન હોવાથી તે જ્ઞાન ગાણુ હશે તો પણ ચાલશે. પરંતુ મોક્ષ મેળવવાને માટે ક્રિયાની આવશ્યકતા સર્વથા અનિવાર્ય છે. આના વિરુદ્ધ આમ પણ કહેવાયું છે કે, જ્ઞાનને કેવળ ઉપકાર કરનાર ક્રિયા હોય છે માટે તે ક્રિયા ગૌણુ હશે તો પણ વાંધો નથી, પણ માણસના જીવનમાં જ્ઞાન મુખ્યરૂપે જોઇએ જ. ઉપર્યુક્ત પક્ષો એક બીજાથી વિરુદ્ધ વિચારવાળા અને 'એવકાર' પૂર્વક વાત કરે છે તેથી ફળ સિદ્ધિ માટે અનુપકારક હોવાથી મિથ્યા છે.

હવે સમુદાય પક્ષ (જૈન પક્ષ) મોક્ષરૂપી ફળ મેળવવાને માટે આમ કહે છે. "અનાદિકાળથી મોહ અને મિથ્યાત્વના કારણે અપ્રકાશિત થયેલા આત્માને સમ્યગ્જ્ઞાન પ્રકાશિત કરે છે. પાપ વાસનાઓનું શુદ્ધીકરણ કરી આત્માનું શોધન કરનાર તપ છે, તથા આત્મા, મન અને ઇન્દ્રિયોને ગુપ્ત એટલે સંયમિત અને મર્યાદિત રાખનાર સંયમ હોય છે. માટે જ્ઞાન–સંયમ અને તપની ત્રિપુટી જ મોક્ષનું કારણ છે." તપ તથા સંયમ ક્રિયા હોવાથી શીલ કહેવાય છે.

જૈનશાસને કહ્યું કે "જ્ઞાન અને ક્રિયા પોતાના સ્થાને મુખ્ય તથા સાપેક્ષ બનીને જ મોક્ષફળ આપનાર છે." કારણકે એક ચક્રથી રથ કોઇ કાળે ચાલતું નથી, તેમ જ્ઞાન વિનાની ક્રિયા અને ક્રિયા વિનાનું જ્ઞાન કોઈ કાળે ફળદાયી બનતું નથી.

કેમકે "ज्ञानक्रियाभ्यां मोक्षः"

વનમાં ફસાઇ ગયેલો અંધ અને લંગડો માણસ જો એકબીજાની સહાયતા ન સ્વીકારે તો બંનેને ત્યાં જ મર્યા વિના છુટકારો નથી. માટે હે ગૌતમ! જ્ઞાનવતી ક્રિયા અને ક્રિયાવંત જ્ઞાન જ ફળવાન્ બને છે.

જ્ઞાનપૂર્વક સમજદારીપૂર્વક સંયમ સ્વીકારનાર માણસ નવા કર્મોના દ્વાર બંધ કરે છે. અને તપના આચરણથી જૂના પાપોને ખંખેરીને મોક્ષ મેળવે છે. આમ શા માટે? જવાબમાં ભગવંતે કહ્યું : મેં પુરૂષોને ચાર પ્રકારે કહ્યાં છે. તે આ પ્રમાણે :

(૧) શીલસંપન્ન છે પણ જ્ઞાનસંપન્ન નથી.
(૨) જ્ઞાનસંપન્ન છે પણ શીલસંપન્ન નથી.
(૩) જ્ઞાન અને શીલ બંનેથી સંપન્ન છે.
(૪) જ્ઞાન અને શીલ બંનેથી સંપન્ન નથી.

આ ચારેમાં જે પહેલા નંબરનો પુરુષ છે તે શીલસંપન્ન હોવાથી યદ્યપિ હિંસા, જૂઠ, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહના ત્યાગરૂપ ક્રિયાવંત હોવા છતાં પણ જ્ઞાનસંપન્ન નહીં હોવાથી ત્યાગ ધર્મનો મહિમા અને તેનો મર્મ જાણી શકવા માટે સમર્થ બનતો નથી, તેથી તે દેશ–આરાધક છે. અર્થાત્ જ્ઞાનના અભાવમાં એકલી ક્રિયાનો જ તે આરાધક છે. માટે તેમાં દેશ–આરાધકતા જ રહેવાની છે.

"દેશ આરાધક ક્રિયા કહી...."

બીજા નંબરનો પુરુષ જ્ઞાનસંપન્ન હોવાથી ત્યાગ કરવા યોગ્ય તત્ત્વોને જાણે છે જરૂર, પણ શીલસંપન્નતા નહીં હોવાથી ત્યાજ્ય તત્ત્વોનો ત્યાગ કરી શકવા માટે સમર્થ બનતો નથી,



For Private And Personal Use Only

માટે તેવા પુરુષોને મેં દેશ વિરાધક કહ્યા છે. કેમકે બગીચામાં ગમે તેટલાં ઝાડો રોપ્યા હોય તે વાંઝીયા હોય, ફળ વિનાના હોય તો તે સુંદર દેખાતા ઝાડો અને બગીચો પણ શા કામનો ? તેવી રીતે જ્ઞાનનું ફળ વિરતિ અર્થાત્ પાપોના ત્યાગ રૂપી ક્રિયા જ છે, માટે જ્ઞાનીમાં પણ ક્રિયા ન હોય તો તે જ્ઞાન પણ વાંઝીયું છે.

ત્રીજા નંબરનો મહાભાગ્યશાલી પુરુષ જે જ્ઞાન અને શીલ સમ્પન્ન છે, એટલે કે 'ત્યાગ કરવા યોગ્ય તત્ત્વો હંમેશાને માટે ત્યાજ્ય જ છે. આવા પ્રકારનું તેને જ્ઞાન પણ છે. અને જ્ઞાન પ્રમાણે તે તત્ત્વોને ત્યાગ્યા પણ છે; અથવા ત્યાગવાનો પ્રારંભ કર્યો છે, માટે તે પુરુષને સર્વ આરાધક કહ્યો છે. "...સર્વ આરાધકજ્ઞાન"

અને ચોથો માણસ બંનેથી રહિત હોવાથી સર્વ વિરાધક છે.


આ વિવેચનમાં જ્ઞાન સમ્પન્નતાથી સમ્યગ્-જ્ઞાન અને શીલ સમ્પન્નતાથી સમ્યક્ ચારિત્ર લેવું. કેમકે કુત્સિતજ્ઞાન અને ચારિત્ર તો જીવમાત્રમાં વિદ્યમાન હોય જ છે. જેને લઈને જીવનના છેલ્લા શ્વાસ સુધી પણ તે જીવો પોતાના આત્માને સમ્યક્ પ્રકારે જાણી શકતા નથી માટે.

૧) ધર્મ અને અધર્મની વ્યાખ્યાઓમાં કુતર્ક ગ્રસ્ત હોય છે.

૨) પાપ અને પુણ્યની મર્યાદાઓમાં બે ધ્યાન રહે છે.

૩) આત્મા અને પરમાત્માની ઓળખાણમાં બેદરકાર રહે છે.

( ક્રમશ આવતાં અંક )



જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.




દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર □ ભાવનગર □ ફોન નં. 4525

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રત્નાકર પચ્ચીશી

ગુજરાતી કાવ્યમય અનુ.—સ્વ. **માસ્તર શામજી હેમચંદ દેસાઇ**
અંગ્રેજી કાવ્યમય અનુ.—**શ્રી એન. ડી. શાહ** બી. એ.



श्रेयः श्रियां मंगलकेलिसद्म
नरेंद्र देवेंद्र नतांघ्रिपद्म
सर्वज्ञसर्वातिशयप्रधान,
चिरं जय ज्ञान कलानिधान ।।१।।

મંદિર છો મુક્તિ તણી માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈંદ્ર નરને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણા. ૧

O. The temple of freedom,
And the lord of Mangal Activities,
Even the Indra, Men and Gods worship thee,
O the lord of Absolute knowledge
And master of All Atishayas,
O. the storage of Art and knowledge,
May your reign be victorious forever.

*

जगत्त्रयाधार कृपावतार
दुर्वारसंसारविकारवैद्य ।
श्री वीतराग त्वयि मुग्धभावा
द्विज्ञः प्रभो विज्ञपयामि किंचित् ।।२।।

ત્રણ જગતના આધારને અવતાર હે કરૂણાતણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારના દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતા પણ કહી અને આ હૃદય હું ખાલી કરૂં. ૨

O. the pillar of three worlds
And the incarnation of mercy
O. you the Dhanvantari and
The remover of the world misery
O. you the dispassionate Lord
of the world, I beseech before you.
Though you know each and everything,
I make my heart empty.



For Private And Personal Use Only



किं बाललीलाकलितो न बाल:
पित्रो: पुरो जल्पति निर्विकल्प: ।
तथा यथार्थं कथयामि नाथ
निजाशयं एकानुशयस्तवाग्रे ।। ३ ।।

શું બાળકો મા-બાપ પાસે બાળક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે;
તેમજ તમારી પાસ તારક! આજ ભોળા ભાવથી;
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી. ૩

Does not a child make childish
Activities before the parents ?
And speak words
As they come out from the mouth.
Oh God before you
with simple devotion,
what pas happened I tell you,
Nothing but the truth.



*

दत्तं न दानं परिशीलितं च
न शालि शीलं न तपोऽभितप्तं ।
शुभो न भावोऽप्यभवद्भवेऽ स्मिन्
विभो मया भ्रांत महोमुधैव ।। ४ ।।

મેં દાન તો દીધું નહિ ને શિયળ પણ પાળ્યુ નહિ,
તપથી દમી કાયા નહિ શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ મેં નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

Charity was not given
And celibacy was not observed
The body was not dried with penance and
No good motive was observed
From the above mentioned
Four religious principles
I could not perform any one
Oh God, I lost my voyage
In the ocean of life.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दग्धोऽग्निना क्रोधमयेन दष्टो
दुष्टेन लोभाख्य महोरगेण ।
ग्रस्तोऽभिमानाजगरेण माया–
जालेन बद्धोस्मि कथं भजे त्वाम् ॥ ५ ॥

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને!
મન મારૂં માયા જાળમાં, મોહન! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫

I was burnt with the fire of Anger
And the vicious serpent of greed has bitten me.
I was swallowed by the cobra of ego
How can I devote thee,
My mind fastened in the net of illusion
Is much confused.
And also the soul was suppressed
In the hands of four thieves
Tell me God how can I worship thee. ?

*

कृतं मयाऽमुत्र हितं न चेह–
लोकेऽपि लोकेश सुखं न मेऽभूत् ।
अस्मादृशां केवलमेव जन्म
जिनेश जज्ञे भय पूरणाय ॥ ६ ॥

મેં પરભવે કે આ ભવે, પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહીં;
જન્મો અમારા જિનજી! ભવ, પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬

In this or in the previous birth
No benevolent act was done.
So was not able to get
Slightest happiness in this world.
Oh, God we were here to
Complete the series of birth.
The precious game that is life
Was lost through ignorance.

*

( ક્રમશઃ આવતા અંકે )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મમાર્ગનો યાત્રિક આત્મા સમાજને કલ્યાણમાર્ગ ચીંધે છે.

લેખક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

## આચાર્ય પદવી પ્રસંગે પૂ. પદ્મસાગરજીને અંતરની વંદના

સુખ-સાહ્યબી હોય તો સંસાર સ્વર્ગ સમો મીઠો લાગે, પણ સંસારમાં રહીને દુઃખના ડુંગર ઓળંગવાના હોય તોય ઘર સંસાર છોડવાનું મન ન થાય. આવી અદ્ભુત તાસીર છે ભવાટવીરૂપ સંસારની. આવા સંસારમાં જન્મ ધારણ કરીને માનવી ધારે તો માનવમાંથી દેવ બની શકે છે અને ધારે તો દાનવને પણ સારો કહેવડાવે એવા અકાર્યો કરે છે, જેવો જેનો પ્રયત્ન એવી એની સિદ્ધિ.

જે માનવી પોતાના સંસારને ત્યાગ–વૈરાગ્ય સંયમના દિવ્ય રસાયણથી ભાવિત કરવાનો ધર્મ પુરૂષાર્થ કરે છે. તે પોતાના સંસારને ઉજાળી જાણે છે અને પોતાના જીવનને અમરતાના અને સચ્ચિદાનંદમયતાના માર્ગે દોરી જાય છે અને આવા ધર્મમાર્ગનો પુણ્ય યાત્રિક બનેલો આત્મા પોતાનું ભલું કરવાની સાથે જ માનવ સમાજને પણ કલ્યાણનો માર્ગ ચીંધી શકે છે.

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ પદ્મસાગરજી ગણિની ધર્મસાધના અને કર્તવ્યનિષ્ઠા કોઈક આવા જ સ્વપર ઉપકારક જીવનસાધક ધર્મપુરૂષની પ્રેરક કહાની કહી જાય છે,

જૈન ધર્મની પ્રરૂપણાભુમિતિ પૂર્વ ભારત. જૈન ધર્મના મૂળ શાસ્ત્રગ્રંથો પણ એ ભૂમિમાં જ રચાયા. આ પૂર્વભારતનો એક વિભાગ તે અત્યારનો બંગાળ પ્રદેશ. એ પ્રદેશના અજીમગંજ નગરમાં, આશરે ચાલીશેક વર્ષ પહેલાં શ્રી પદ્મસાગરજી મહારાજનો જન્મ. કુટુંબ ધર્મના રંગે પુરૂં રંગાયેલું. ઉપરાંત ધનપતિ લેખાતા બાબુ કુટુંબનો નિકટનો સંપર્ક, એટલે કુટુંબને ધર્મનાં સંસ્કારોની સાથે વિવેકભર્યા વાણી વર્તન, તથા ખાનદાનીના સંસ્કારો પણ સહજ રીતે મળેલા. જીવનને સંસ્કારી અને ઉચ્ચાશયી બનાવે એવા આવા ઉમદા વાતાવરણમાં મુનિ શ્રી પદ્મસાગરજીનો ઉછેર થયેલો અને કોઈ પુર્વનો સંસ્કાર કહો કે ઉત્તમ ભવિતવ્યતાનો સંકેત કહો, ઉછરતી ઉંમરથી જ તેઓનું મન ધર્મશ્રદ્ધા અને ધર્મક્રિયા તરફ અભિરૂચિ ધરાવતું હતું.

બચપણથી મળેલ ધર્મભાવનાના સંસ્કારના અંકુરને ફાલવા-ફુલવાનો એક વિશિષ્ઠ સુયોગ એમને મળી ગયો. તેઓ સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીજી (કાશીવાળા)ની પ્રેરણાથી મધ્યપ્રદેશમાં શીવપુરીમાં સ્થપાયેલ જૈન શિક્ષણસંસ્થા શ્રી વીરતત્વ પ્રકાશક મંડળમાં કેટલાક વખત માટે અભ્યાસ કરવા રહ્યા. આ પાઠશાળાના વાતાવરણે તેઓની ધર્મભાવનાને વિશેષ પલ્લવિત કરવામાં ખાતર અને પાણીનું કામ કર્યું. જ્યારે તેઓ પાઠશાળા છોડીને પોતાને વતન પાછા ફર્યા ત્યારે એમના અંતરમાં ત્યાગમાર્ગ તરફના અનુરાગનાં અંકુર રોપાઈ ચૂકયા હતા.

મન ભારે અજબ વસ્તુ છે જ્યારે એ ભોગના માર્ગે વળે છે ત્યારે એને ભોગવિલાસની વધારેમાં વધારે સામગ્રી પણ ઓછી લાગે છે અને પોતાની ભોગ વાસનાને શાંત કરવા એ નવી નવી સામગ્રીની ઝંખના કરે છે અને જ્યારે એ ત્યાગ માર્ગ તરફ વળે છે ત્યારે એ પોતાની પ્રિયમાં પ્રિય અને મોંઘામાં મોંઘી વસ્તુઓ પણ ઉલ્લાસથી ત્યાગ કરે છે અને એક માત્ર ત્યાગના માર્ગે આગળને આગળ વધવાની જ ઝંખના સેવે છે. આવા પ્રસંગે સંયમ, તપ, વૈરાગ્ય અને તિતિક્ષાને એ પોતાના સાથી બનાવી દે છે.

સાધુ ધર્મની દીક્ષા લેતાં પહેલા મુનિશ્રી પદ્મસાગરજીનું પણ એવું જ થયું. એમની ઘર-સંસારનો ત્યાગ કરવાની ઝંખના દિવસે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિવસે વધુ ઉત્કટ બનતી ગઇ. છેવટે એમણે દીક્ષા લેવાનો દૃઢ સંકલ્પ કર્યો અને પોતાના જીવનના ઉદ્ધારક બની શકે એવા ગુરૂની શોધ શરૂ કરી ત્યારે એમની ઉંમર અઢારેક વર્ષની હતી.

અને અંતરના ઉમંગથી શોધ કરનારને પોતાના ઈષ્ટની પ્રાપ્તિ થઈ જ જાય છે. એમનું ચિત વિક્રમની વિસમી સદીમાં જૈન ધર્મના ધ્યાનયોગ માર્ગને સજીવન કરનાર યોગનિષ્ઠ પરમ પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના સમુદાયના સમતાના સરોવર, પ્રશાંતમૂર્તિ, મૂક સાધક અને ધીર ગંભીર આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ ઉપર ઠર્યું. અને આચાર્ય મહારાજે એમની યોગ્યતા જોઇ અને પોતાના પ્રભુભક્તિ પરાયણ અને સંયમ સાધનામાં સતત જાગ્રત શિષ્ય મુનિશ્રી કલ્યાણસાગરજીના (વર્તમાનમાં આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરીજીના) શિષ્ય તરીકે દીક્ષા આપી.

આવા મહાન અને ઉત્તમ દાદાગુરૂ અને ગુરૂદેવનો યોગ મળવાથી મુનિ પદ્મસાગરજી બહુ આહ્લાદ અનુભવી રહ્યા અને પોતાને ત્યાગધર્મની આરાધના કરવાની મળેલી આવી અમુલ્ય તકનો બને તેટલો વધુ લાભ લેવા માટે તેઓ જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં ખૂબ તન્મય બની ગયા.

જ્ઞાનની સાધનાથી એમના હૃદય અને વાણી બન્ને વિકસિત થઈ ગયાં. અંતર સ્વપર ધર્મના શાસ્ત્રોના પ્રકાશથી અલૌકિત થઇ ગયું અને વાણી સત્યપરાયણ, સરળ, મધુર અને આકર્ષક બની ગઈ.

મુનિવર્ય શ્રી પદ્મસાગરજી મહારાજે અનેક ચોમાસા રાજસ્થાનમાં કરીને ત્યાંના જૈન સંઘ તેમ જ સામાન્ય જનસમૂહની ખૂબ ભક્તિ અને ચાહના મેળવી હતી. આજે પણ તેઓ એ પ્રદેશની આવી જ ધર્મ પ્રીતિને ટકાવી રહ્યા છે. અથવા સાચી રીતે કહેવું હોય તો, એમ જ કહેવું જોઇએ કે, તેઓ જ્યાં જ્યાં વિચર્યા છે અને રહ્યા છે, ત્યાંની જૈન-જૈનેતર જનતાના હૃદયમાં સદાને માટે વસી ગયા છે. ભલે પછી એ રાજસ્થાનનો પ્રદેશ હોય, ગુજરાત હોય, સૌરાષ્ટ્ર હોય, મહારાષ્ટ્ર હોય કે બીજો કોઇ પણ પ્રદેશ હોય, અને એનું કારણ એમના હૃદયની વિશાળતા, સરળતા, ગુણગ્રાહક દૃષ્ટિ, નમ્રતા, નિખાલસતા, વિવેકશીલતા, વત્સલતા, પરગજુવૃત્તિ જેવા સાધુ જીવનને શતદળ કમળની જેમ વિકસિત કરે એવા ગુણો છે. ઘર-સંસારનો ત્યાગ કરીને કોઇ પણ ધર્મ કે સંપ્રદાયના ત્યાગમાર્ગનો સ્વીકાર કરનાર વ્યક્તિ માનવજાત સહિત સમસ્ત, જીવસૃષ્ટિ સાથે ધર્મના પવિત્ર સગપણથી જોડાઈ જાય છે, એ સત્યની ઝાંખી મુનિવર્ય શ્રી પદ્મસાગરજીનાં જીવનમાં થાય છે.

ભગવાન તીર્થંકરે દુનિયાના બધા જીવો સાથે મૈત્રી સાધવાનો અને કોઇની પણ સાથે વૈર-વિરોધ નહીં રાખવાનો અમર સંદેશ આપ્યો છે, એનો ભાવ આ જ છે.

પંન્યાસ પ્રવર શ્રી પદ્મસાગરજી મહારાજના છેલ્લાં પાંચ ચાતુર્માસ જેમ જૈન સંઘ તેમજ જનસમુદાયને માટે વિશેષ ઉપકારક નીવડ્યા છે, તેમ એમની પોતાનીયે લોકચાહનામાં પણ વિશેષ અભિવૃદ્ધિ કરનારા નિવડ્યાં છે.

આ ઉત્સવ દરમ્યાન જ આચાર્ય મહારાજ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજે પોતાના વ્યાખ્યાનમાં જાહેર કર્યું હતું કે વિ.સં. ૨૦૩૨નું ચોમાસુ પૂરૂં થયાં બાદ પોતાના પ્રાશષ્ય પદ્મસાગરજી ગણીને મહેસાણાના શ્રી સીમંધરસ્વામી તીર્થમાં આચાર્ય પદવી આપવામાં આવશે. આ વાત જાણીને સૌ ખૂબ રાજી થયેલ.

મહારાજશ્રીની વાણીમાં જે ખંડન-મંડન, ટીકા-ટિપ્પણી અને રાગ-દ્વેષનો અભાવ અને સરળતા, મધુરતા, મોતીની માળા જેવી ઝલક અને ધર્મપરાયણતાના આલ્હાદકારી દર્શન થાય છે. અને એ એમની વિમળ જીવન સાધનાનું જ પ્રતિબિંબ લેખવું જોઈએ.

આવા જીવનના અને વાણીના યશસ્વી સાધક મુનિવરને એમની આચાર્ય પદવીના ગૌરવભર્યા પ્રસંગે આપણી અંતરની અનેકાનેક વંદના હો! (ગુજરાત સમાચારમાંથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એ સૌજન્યશીલ મનસુખભાઇ



સમાજની એક આદર્શ વ્યક્તિ! જેનામાં સજ્જનતા, સહૃદયતા, વાણીમાં માધુર્યતા, સ્વભાવમાં શિતળતા અને વિચારોમાં ઉર્ધ્વગામી વિહાર કરતી વીરલમૂર્તિ !

માણસમાં રૂપ અને નમણાશ હોય છે તેમ ગુણના આંકડા વધતી જતી એક રૂપ ગુણથી ભરેલી ચારિત્રના ઘડતરથી ઘડાએલી એ પવિત્ર મૂર્તિ ! થોડીવાર પણ તેઓ કોઈ પણ માણસને મળે ત્યારે શુદ્ધ વાતાવરણ સર્જી જાય. દિલમાં જીવનને જાગ્રત કરે એવી મહાન વ્યક્તિ આપણી વચ્ચેથી ચાલી ગઈ! કોઇ પણ ગ્રંથી વગરનું વલણ, વિચારણા અને વર્તન! બહુ વિદ્વાન હોય એનામાં પણ વાડા અને સંકુચિતતા જોઇ છે. વાત વાતમાં હું કાંઈક છું એવું મિથ્યાભિમાન પણ જોયું છે. પણ આમાં તો મેં સાવ જુદું જ જોયું છે. નથી કોઈ જાતનું અહં કે નથી કોઈ જાતનું ઘમંડ! સૌની સાથે પ્રેમ પાથરનાર ભાતૃભાવની આદર્શમૂર્તિ, જોવા જઇએ તો ગોતી ન જડે.

ખરે જ મનસુખભાઇનું વ્યક્તિત્વ જુદું જ તરી આવતું હતું. વાણી તો મીઠી સરવાણી! દિલ તો પ્રેમાળ વીરડી જોઇ લ્યો. બુદ્ધિ તો તિક્ષ્ણ છતાં કોઇપણ નય ન દુખાય એવી.

ભગવા કફનીમાં સજ્જ થએલા સંસારમાં રહીને જુદી જ ભાત પાડતું એમનું સાધુ જેવું જીવન સૌ કોઇને અસર કરી જાય તેવું. એમનો ચમકતો ચહેરો, નિખાલસતા અને માધુર્યથી ભરેલો દેહ એકાએક આમ શું વિલિન થઈ જવાનો હશે! આપણને એમના જીવનની સુવાસ આપીને શોક ન કરવો, શરીર તો ખોળીયું બદલે છે એમ સંદેશ આપતા ગયા. તેઓશ્રીએ મૃત્યુ અગાઉ લગભગ બાર દિવસ પહેલા અમારી સાથે ત્રણ કલાક બેઠા હતા. ધર્મ, સમાજ, આધ્યાત્મિકતા અને મૃત્યુનું રહસ્ય વિગેરે વિષયોની વાતો કરી અને ચમકતો લીસોટો પાડીને ચાલ્યા ગયા.

તેઓશ્રીએ આપણી સભાની જે જવાબદારી સ્વીકારી હતી તે તેમણે બરાબર બજાવી. છેવટ સુધી સ્વસ્થતાથી કામ કરી મુસાફરીની તૈયારી કરી ચિરકાળની વિદાય લીધી અને સ્નેહી સ્વજનના દુખતા હૈયાને પોતે જ જ્ઞાન ગંગાનું જળ છાંટી સ્વસ્થ કરતા ગયા. જુઓ તેઓએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેની ડાયરીમાં લખેલા બે શ્લોકો તે નીચે મુજબ છે.

जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे, न त्वं शोचितुमर्हसि ॥
ભ. ગી. ૨-૨૭

જન્મેલાનું મૃત્યુ છે, તથા મરેલાનો જન્મ છે, તો જન્મ મરણ જેવી અપરિહાર્ય બાબતમાં શોક કરવાનું યથાર્થ નથી.

प्रियजनमृतिशोकं सेव्यमानोऽतिमात्रं,
जनयति तदशातं कर्म यच्चाऽग्रतोऽपि।
प्रसरति शतशाख देहिनि क्षेत्रउप्तं,
वट इव तनुबीजं त्यज्यतां सप्रयत्नात् ॥
અનિત્ય પંચાશત્-૨૭

ઇષ્ટ જનોના મૃત્યુ પ્રસંગે અતીવ અફસોસ કરવાથી ભારે અશાતા–વેદનીય કર્મ બંધાય છે. પછી તેની સેંકડો દુઃખદાયી શાખાઓ, ખેતરોમાં રોપેલા છોટાસા વટવૃક્ષના બીજમાંથી વિસ્તરેલ શાખા પ્રશાખાદિની જેમ પ્રસરે છે, માટે શોક પ્રયત્ન પૂર્વક તજવો જોઇએ, તે પાપની ખાણ અથવા તો દુઃખ પરંપરાનું મૂલ છે.

છેલ્લે વાનપ્રસ્થ અવસ્થા કેવી હોય તે તેઓએ જીવીને બતાવ્યું. તેઓ વૈરાગી બાવા જેવા ઉદાસ દેખાતા ન્હોતા. હસતા, પ્રેમાળ અને સૌના થઇને રહેતા. કોઇના દોષો એમની આંખમાં દેખાતા નહોતા.

મારા પરમ મિત્ર અને સહકાર્યકર શ્રી મનસુખભાઇનું સૌમ્ય ચિત્ર મારા દિલમાં આલેખાઇ ગયું છે. તે એટલા માટે કે આપણી શ્રી આત્માનંદ સભાના તેઓ આત્મા હતા, હૃદય હતા. કદિ સ્વપ્ને પણ નહોતું કે આમ એકાએક તે સિતારો વિલિન થઇ જશે. શું જીવન આમ જ અલોપ થઈ ગયું? ખૂબ દુઃખ સાથે મનાવવું પડે છે કે તેઓ ચિરકાળમાં અનંતતાને આરે જઈ બેઠા છે.

પ્રિય મનસુખલાલભાઈ! તમે તો અમને તમારા પ્રેમાળ હૈયાની હુંફ આપીને તમારી કાર્યદક્ષતાથી આંજીને ચાલી ગયા. અમારૂ અને જે તમારૂં થઇ પડેલું સભાનું કામ તમારા જેવી ચીવટથી કોણ ઉપાડશે. તમારી ખોટ પુરાવી મુશ્કેલ છે; તમે છેલ્લા મળ્યા ત્યારે છેલ્લું મિલન હશે એની મને ખબર પડી નહિ. તમે અતિ ઉચ્ચ આધ્યાત્મિક વિચારોમાં વિહરી રહ્યા છો તેમ તો ખ્યાલ આવ્યો હતો અને તે પવિત્ર ભૂમિ પ્રાપ્ત કરવા તમે અમારી વચ્ચેથી વિદાય લીધી. કાળ એનું ચક્ર ફેરવે છે અને પાણીનાં પરપોટાની જેમ ઉપાડી લે છે તે પાઠ અમને તમે આપતા ગયા.

પ્રિય ભાઇ! તમારો આત્મા ઉજ્વળ સ્થાને ચિરસ્થાને શાંતિમાં રહો; એટલું જ અંતરમાંથી નીકળે છે. ૐ શાંતિઃ



ગુલાબચંદ લલ્લુભાઇ શાહ
પ્રમુખ :
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ–મુંબઈ
## ૬૮મી ધાર્મિક પરીક્ષા પારિતોષક વિતરણ સમારંભ

ઉપરોક્ત પારિતોષિક વિતરણ સમારંભ શ્રી આદીશ્વરજી જૈન દેરાસર ઉપાશ્રયમાં તા. ૨૭–૧૧–૭૬ રવિવારે પૂ. સાહિત્ય–કલા–રત્ન શ્રી યશોવિજયજી તથા પૂ. ગણિવર્યશ્રી જયાનંદવિજયજી ગણિવર્ય મહારાજશ્રીની નિશ્રામાં ઉજવાયો હતો. આ પ્રસંગે શેઠશ્રી વિનયચંદ્ર ઉમેદચંદ શાહ તેમજ તેમના સુશીલ પત્ની રાજુલબેન (આર સુરેશચંદ્ર કું.વાળા) અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા.

સંસ્થાના મંત્રી શ્રી શાંતિલાલ મગનલાલ શાહે તેમના નિવેદનમાં સંસ્થાને આર્થિક દૃષ્ટિએ સદ્ધર કરવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. શ્રી ચીમનલાલ પાલિતાણાકરે પોતાના વક્તવ્યમાં પાઠશાળાઓના શિક્ષકોની દુર્દશાનો ખ્યાલ આપી તેઓને કેવી હાડમારીઓનો સામનો કરવો પડે છે તેનો અનુભવ સિદ્ધ ચિતાર આપ્યો હતો. સંસ્થાના પ્રમુખ શ્રી જયંતિલાલ બદામીએ આજના ધાર્મિક શિક્ષણ અંગે કેટલાક નવા સુધારાઓ સૂચવ્યા હતા. શ્રી રસિકલાલ કોલસાવાળાએ સામાયિકના પરિણામે તેમને કેટલા બધા લાભો થયા હતા તેની અનુભવ સિદ્ધ વાત કરી હતી. અતિથિ વિશેષ શ્રી વિનયચંદ્રભાઈએ ધર્મના મર્મ પર ભાર મૂકી આજના જગતને માટે વિચારોની વ્યાપકતાની જરૂરિયાત સમજાવી હતી. સંસ્થાના અન્ય મંત્રી મનસુખલાલભાઈએ છેલ્લી લડાઈ પછી આપણી પ્રજાનું લક્ષ આધ્યાત્મિકને બદલે વધુ ને વધુ ભૌતિક થવાને કારણે કેવી દુઃખદ પરિસ્થિતિ સર્જાયેલી છે તેનો ચિતાર આપ્યો હતો. પૂ. વિનોબાજીનો દાખલો આપી બાળકના ઘડતરમાં માતાનો કેવો મોટો હિસ્સો છે તે વાત સમજાવી કહ્યું હતું કે બાળકને સારો કે ખરાબ કરવો તે માતાના જ હાથમાં છે. સંસ્થાની આર્થિક બાજુ સદ્ધર કરવા તેમણે સંસ્થાની 'સ્મારક યોજના' પ્રત્યે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પોતાના સ્વજન, સ્નેહી કે મિત્રના સ્મારક અર્થે આ યોજનામાં એક હજાર અગર તેથી વધુ રકમ આપી શકે છે, જેના વ્યાજમાંથી દરેક વરસે ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થી ભાઈ–બહેનો જે ધાર્મિક પરીક્ષામાં ઉચ્ચ કક્ષામાં પાસ થાય છે તેમને ઇનામ આપવામાં આવે છે અને જેના સ્મરણાર્થે રકમ આપવામાં આવે છે તેનું નામ કાયમ માટે યાદિમાં રહે છે. મૂળ રકમ અનામત રાખવામાં આવે છે. શ્રી રાજુલબેનના હાથે પારિતોષિક અપાયા હતા. મુનિશ્રી જયાનંદવિજયજી મહારાજે ધાર્મિક શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. પૂ. યશોવિજયજી મહારાજ સાહેબે અષ્ટાંગ યોગના પ્રાણાયામ પરથી ભાવ પ્રાણાયામ વિશે સમજાવ્યું હતું, જેનો અમલ થાય તો દુનિયાના અર્ધા દુઃખોનો અંત આવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય. આ પ્રસંગે સંસ્થાને શ્રી વિનયચંદ્રભાઈ, શ્રી રાજુલબેન, શ્રી રસિકલાલ કોલસાવાળા અને શ્રી મંજુલાબેન ચીનુભાઈ દરેક તરફથી રૂા. એક એક હજાર ભેટ મળ્યાં હતાં તેમજ શ્રી તુલસીદાસ જગજીવનદાસ સવાઈ રૂા. ૫૦૧/- આપી સંસ્થાના પેટ્રન બન્યા હતા.

## શ્રી સિદ્ધક્ષેત્ર સામાયિક મંડળ-પાલીતાણાએ ઉજવેલ વાર્ષિક દિન અને સ્નેહ-મિલન

ઉપર્યુક્ત મંડળ સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં શ્રી ભાવસાર જૈન ધર્મશાળામાં છેલ્લા આઠ વર્ષથી રવિવારે 'સામાયિક' મુખ્યત્વે કરે છે. તેમજ સ્નાત્ર-પૂજા, નાની-મોટી તીર્થયાત્રા, ધાર્મિક કાર્યોની અનુમોદના-સભા, વાર્ષિક દિન ઉજવણી, પૂજા-પ્રભાવના આદિ કાર્યક્રમો યોજી પોતાની ધાર્મિક ભાવના પોષે છે અને આધ્યાત્મિક વાતાવરણ સર્જે છે. મહત્ત્વની અને ધ્યાન ખેંચતી હકીકત તો એ છે કે આ મંડળમાં ડોકટરો, પંડિતો, પત્રકારો, ધાર્મિક શિક્ષકો, હેડ-માસ્તરો, બેન્ક મેનેજરો, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ અને વિદ્યાર્થીઓ અને ઊંચી-નીચી કક્ષાના બધા જ ભાઈઓ ઉત્સાહપૂર્વક ને રસપૂર્વક ભાગ લે છે.

પ્રસ્તુત મંડળે હમણાં જ એનો વાર્ષિક દિન દબદબાપૂર્વક ને વ્યવસ્થિત રીતે ઉજવ્યો. જ્યારે સવારમાં સ્નાત્ર-પૂજા બાદ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી. ત્યારે મંડળના સર્વ સભ્યો તો હતા જ, ઉપરાંત પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયાનંદસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય ગણિવર્યશ્રી હેમપ્રભવિજયજી મહારાજ સાથે અન્ય સાધુ-સાધ્વી મહારાજો, મઢીવાળા શેઠશ્રી નેમચંદભાઈ, અન્ય સદ્દગૃહસ્થો અને બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી પૂજામાં રસ રેલાવ્યો હતો. પ્રભાવના પણ કરવામાં આવલ.

## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ-મુંબઈ ધાર્મિક શિક્ષણની ૬૯મી પરીક્ષાઓની જાહેરાત

**પરીક્ષા સમય :** સંવત ૨૦૩૩ પોષ વદ ૧૨ને રવિવાર
તા. ૧૬; જાન્યુઆરી ૧૯૭૭,

સંસ્થાએ નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ ભારતભરના કોઈપણ ભાઇ-બહેનો આ પરીક્ષામાં બેસી શકે છે. પાઠશાળા તથા બોર્ડીંગોનાં વ્યવસ્થાપકોને તેમજ શિક્ષક-શિક્ષિકાઓને અમારી વિનતિ છે કે આગામી ૬૯મી ધાર્મિક શિક્ષણની ઈનામી પરીક્ષાઓમાં વધુમાં વધુ પરિક્ષાર્થીઓને બેસાડી ધાર્મિક શિક્ષણના પ્રચારના કાર્યને પ્રોત્સાહન આપશો.

હિન્દી ભાષી પરીક્ષાર્થીઓ માટે પણ સગવડતા રાખી છે.

પરીક્ષામાં બેસવા માટે પરીક્ષા ફી રાખી નથી. પ્રવેશ ફોર્મ તથા અભ્યાસક્રમ નીચેના સરનામે પત્ર લખી મંગાવવા. પ્રવેશફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૨૫મી ડીસેમ્બર ૧૯૭૬ છે.

સરનામુ :
શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ
૨૦, ગોડીજી બીલ્ડીંગ, બીજે માળે
વિજય વલ્લભચોક,
કાલબાદેવી-મુંબઈ ૪૦૦૦૦૨

લિ. ભવદીય
શાંતિલાલ મગનલાલ શાહ
સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા
માનદ મંત્રી
ફોન : ૩૩૩૨૭૩ ગ્રામ : Hindsangha



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## 'પત્ર દ્વારા શિક્ષણ'નું પરિણામ

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પૂના દ્વારા સંચાલિત 'પત્ર દ્વારા શિક્ષણ'ની પરીક્ષાનું પરિણામ ૮૭% જાહેર કરતાં સંસ્થા આનંદ અનુભવે છે.

આ વર્ષે હર્ષનો વિષય એ છે કે, પરીક્ષામાં સારા શિક્ષિતોની સંખ્યા ઘણી હતી અને કર્મ જેવા કઠિન છતાં ઉપયોગી વિષયનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરી સૌએ પોત પોતાનો અનુભવ નિચોડ ઉત્તર–પત્રોમાં બુદ્ધિપૂર્વક ઉતારી આનંદ વ્યક્ત કર્યો છે.

### સર્વ પ્રથમ પાંચ પરીક્ષાર્થીઓ નીચે મુજબ છે

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | કલ્પનાબેન કાન્તિલાલ B.A. | મદ્રાસ | ૯૦/– | ૧૦૦ માર્ક |
| (૨) | ચીમનલાલ મોહનલાલ | પાલીતાણા | ૮૦/– | ૧૦૦ માર્ક |
| (૩) | પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મહારાજ | બાડમેર | ૭૮/– | ૧૦૦ માર્ક |
| (૪) | શાન્તાબેન લલીતકુમાર કોઠારી B A. | મદ્રાસ | ૭૫/– | ૧૦૦ માર્ક |
| (૫) | મનીષકુમાર લાલભાઈ | અમદાવાદ | ૭૨/– | ૧૦૦ માર્ક |

સંસ્થા ઉત્તીર્ણ પરીક્ષાર્થીઓને અભિનંદન પાઠવે છે. તથા રૂા. ૫૫૦/–નાં ઈનામો નિયમાનુસાર જાહેર કરે છે.

## ભાવનગરમાં ભવ્ય દિક્ષામહોત્સવ

ઘેટીવાળા મહેતા ધરમશી રતનજીના દામજીભાઈના સુપુત્રી બાળબ્રહ્મચારિણી શ્રી અનસૂયાબેન તથા શ્રી શાન્તિભાઇના સુપુત્રી કુ. શ્રી ભારતીબેન તથા તણસાવાળા શ્રી મોહનલાલ મેઘજીભાઇના સુપુત્રી કુ. જયોત્સનાબેનની દિક્ષાનો ભવ્ય મહોત્સવ તા. ૯–૧૨–૭૬ને ગુરુવારના રોજ ઉજવાયો હતો.

ત્રણે દીક્ષાર્થી બહેનોએ ઉચ્ચ વ્યવહારિક કેળવણી તથા ઊંડુ ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરેલ છે. બાળપણથી જ તેમનામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થયેલું છે અને ત્રણે બહેનોને દીક્ષા અંગીકાર કરી આત્મકલ્યાણની ભાવના ઘણો વખતથી હતી. તેમના વડીલ વર્ગે તે ભાવનાને પોષી અને છેવટે ખૂબ જ દિલથી તેમના વડીલ વર્ગે આ દિક્ષા અંગીકાર કરવા સંમતિ આપી અને ઉત્સાહ તેમજ ઉમંગથી દિક્ષા અંગેના મહોત્સવનું આયોજન કર્યું. તે નિમિત્તે શ્રી સિદ્ધચક્ર પૂજન, ઋષિમંડળ મહાપૂજન જેવા વિશિષ્ટ ધાર્મિક કાર્યો યોજાયા હતા.

આ પાવનકારી દિક્ષા મહોત્સવ પરમપૂજ્ય આચાર્ય મહારાજો શ્રી વિજય દેવસૂરીશ્વરજી પૂ. આ. મ. શ્રી નીતિપ્રભસૂરીશ્વરજી તથા પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી તથા પૂ. ઉ. શ્રી હેમચંદ્રવિજયજી વગેરે મુનિ ભગવંતોના સાન્નિધ્યમાં ઉજવાયો હતો. જૈન–જૈનેતર જનતાએ ખૂબ ઉત્સાહ અને હર્ષભેર મંગલકારી પ્રસંગોમાં હાજરી આપી લાભ લીધો હતો.

આ સમયે સાધ્વી શ્રી સુહિતાશ્રીજીને વડી દિક્ષા પણ આપવામાં આવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી વર્ધમાન આગમ મંદિરના પટાંગણમાં બે ઉપાશ્રયોનું નવનિર્માણ

પાલીતાણામાં શ્રી સિદ્ધાચલ ગિરીરાજની તલેટીમાં આવેલ શ્રી વર્ધમાન આગમ મંદિરના પટાંગણમાં આગમોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના શિષ્ય રત્ન ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી તથા પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી તથા પૂ. મુનિશ્રી મનોજ્ઞસાગરજી મ. સાહેબના સદુપદેશથી શ્રી સિદ્ધાચલની યાત્રાઓ તથા નવાણું યાત્રા કરનારા સાધુ સાધ્વી આદિ ચતુર્વિધ સંઘને વિશેષ સુવિધા પ્રાપ્ત થાય એવા હેતુથી જેની અત્યંત જરૂરિયાત હતી એવા બે નૂતન ઉપાશ્રયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

એક ઉપાશ્રયનું "શ્રી લબ્ધિસાગરજી જૈન ઉપાશ્રય" અને તેના મુખ્ય હોલનું "શ્રેષ્ઠિવર્ય શ્રી રાયચંદ મગનલાલ આરાધના હોલ" નામ આપવામાં આવ્યું છે.

બીજા ઉપાશ્રયનું "શ્રી મલયાશ્રીજી જૈન ઉપાશ્રય" અને તેના મુખ્ય હોલનું "શ્રેષ્ઠિવર્ય શ્રી પ્રતાપરાય અંબાલાલ આરાધના હોલ" નામ આપવામાં આવ્યું છે.

તેનો ઉદ્‌ઘાટન સમારંભ માગશર સુદ ૧૦ તા. ૧-૧૨-૭૬ના મંગળ પ્રભાતે કપડવંજવાળા સુશ્રાવક રમણભાઈ તથા ધર્માનુરાગી અ. સૌ. સૂર્યાબેન પુષ્પસેન ઝવેરીના શુભ હસ્તે રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ. પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મહારાજશ્રી તથા ડો. ભાઈલાલ બાવીશી, શ્રી હરીલાલ દેવચંદ, શ્રી રાયચંદ મગનલાલ, શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા, અમરચંદ રતનચંદ ઝવેરી વગેરે વક્તાઓએ પ્રાસંગિક વક્તવ્યો કર્યા હતા.

તે દિવસે શ્રીયુત રાયચંદ મગનલાલ શાહ તરફથી શ્રી સિદ્ધચક્ર પૂજન રાખવામાં આવ્યું હતું તથા સાધર્મિકોની ભક્તિ કરવામાં આવી હતી.

## શ્રી પદ્મસાગરજી મહારાજને અર્પણ થયેલી આચાર્ય પદવી

મહેસાણા ખાતે શ્રી સીમંધરસ્વામી જિન મંદિરના પ્રાંગણમાં ચતુર્વિધ સંઘની વિશાળ હાજરીવાળા સમારોહમાં પરમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના હસ્તે પરમ પૂજ્ય પ. પ્રવર શ્રી પદ્મસાગરજી મહારાજને ધાર્મિક વિધિ અને શાસ્ત્રોચ્ચાર વચ્ચે આચાર્યપદ પ્રદાન કરીને તેમનું નામ આચાર્ય ભગવંત શ્રીમદ્ પદ્મસાગરસૂરીશ્વરજી રાખવામાં આવ્યું હતું.

આચાર્યદેવશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્યો આચાર્યદેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી, આચાર્યદેવશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી આદિ આચાર્યવર્યોની નિશ્રામાં શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજે આચાર્યપદ ગ્રહણ કર્યું હતું.

આ પ્રસંગે દેશના જુદા જુદા જૈન સંઘોના અગ્રણીઓમાં શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખશ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ, ભાવનગર સંઘના પ્રમુખ શ્રી બકુભાઈ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રસંગે આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજને સૂર્યમંત્ર પટ વહોરાવવાની બોલીમાં મુંબઇના શ્રી વેણીલાલ ઠાકોરદાસ જરીવાલાને રૂા. ૨૭,૧૧૧માં આદેશ આપવામાં આવ્યો હતો જ્યારે મહારાજશ્રીને કામળી વહોરાવવાની બોલી પ્રસંગે મુંબઈના શ્રી બંસીલાલજી કપુરચંદને રૂા. ૩,૧૧૧માં આદેશ અપાયો હતો.

આ પ્રસંગે આશીર્વચન ઉચ્ચારતા પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ કૈલાસસાગરસૂરીશ્વરજીએ જણાવ્યું હતું કે, શ્રી પદ્મસાગરજી જૈનધર્મની પ્રભાવના વધારવામાં સુંદર ફાળો આપી રહ્યાં છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ સુબોધસાગરસૂરીશ્વરજીએ શ્રી પદ્મસાગરજી મહારાજની શક્તિ અને ગુણોને બિરદાવી હતી.

આચાર્યપદવી ગ્રહણ કરી સૌ પ્રથમ સંબોધન કરતાં આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજીએ સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકાના ચતુર્વિધ સંઘ સમક્ષ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ગુરુ કૃપાથી મેં જે શક્તિ અને ગુણો મેળવ્યા છે તે પૂર્ણ વફાદારી અને ઈમાનદારીથી એક સેવક બનીને જિનશાસનની પ્રભાવના માટે ઉપયોગમાં લઈશ.

પત્રકાર પરિષદમાં આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજીએ જણાવ્યું હતું કે, આચાર્ય સમાજને જાગૃત કરે છે. એ એમનું મોટું નૈતિક રાષ્ટ્રીય અને સામાજિક કર્તવ્ય છે. કેટલુ જાણો છો તે નહીં પણ તમે કેટલું પામો છો તેજ સાચો ધર્મ છે. એમ જણાવી તેઓશ્રીએ ઉમેર્યું હતું કે મંદિર–મઠ–સંપ્રદાયમાં ધર્મ નથી, પણ અંતઃકરણની પવિત્રતામાં જ ધર્મ છે.

### શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના ઉપક્રમે થયેલી

# શોક સભાનો અહેવાલ

શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ અને 'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિકના તંત્રી ધર્માનુરાગી વિદ્વાન સાહિત્યકાર શ્રી મનસુખલાલભાઈ તારાચંદ મહેતાના તા. ૨–૧૨–૭૬ના રોજ થએલ દુઃખદ અવસાન અંગે શ્રદ્ધાંજલિ અર્પવા શ્રી જૈન આત્માનંદ સભાની એક સામાન્ય સભા તા. ૧૦–૧૨–૭૬ ને શુક્રવારના રોજ રાત્રીના ૮–૩૦ કલાકે સભાના હોલમાં શ્રી ગુલાબચંદભાઈના પ્રમુખસ્થાને મળી હતી.

શરૂઆતમાં સભાના ઉપ–પ્રમુખ શ્રી હીરાલાલ ભાણજીભાઈએ મુ. શ્રી ખીમચંદભાઈ શાહ તથા મુંબઈથી શ્રી હીરાલાલ જુઠાભાઈ શાહ, શ્રી ફુલચંદ હરીચંદ દોશી તથા શ્રી ભગતભાઈના સંદેશા વાંચી સભળાવ્યા હતા.

ત્યાર બાદ શ્રી કાન્તિલાલ જ. દોશીએ સ્વર્ગસ્થના જીવનનો ટૂંક પરિચય આપતા જણાવ્યું હતું કે શ્રી મનસુખલાલભાઈ આપણી સંસ્થાના પ્રાણસમા હતા. આત્માનંદ–પ્રકાશ માસિક અંગે તેમની ચીવટ અને માસિક જન-ઉપયોગી થાય અને જીવનને ઉન્નતિકારક લેખો માસિકમાં આવે અને તેનો ખૂબ પ્રચાર થાય એ બાબતની તેમની કાળજી પ્રશંસનીય હતી તેઓના સ્વભાવમાં પણ આધ્યાત્મિકતા અને ધાર્મિકતા વણાયેલા હતા. ત્યાર બાદ શ્રી રાયચંદ મગનલાલે તેમના જીવન અને સાહિત્યનો ટૂંક પરિચય આપતાં જણાવ્યું હતું કે તેમણે પોતાનું લક્ષ કથાનુયોગ તરફ વિશેષ આપ્યું હતું એ હકીકત સમજવા જેવી છે. તેમણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોયું કે સામાન્ય જનસમાજની નીતિ અને ધર્મની સમજણ ઊંચી લાવવા ધર્મના સિદ્ધાંતો તેમના ગળે ઉતારવાનો સહેલો ઉપાય 'કથાનુયોગ'નો છે, અને તેઓશ્રીએ રોચક શૈલીમાં અનેક શીલકથાઓ અને ચિંતન પ્રેરક લેખો આત્માનંદ-પ્રકાશ અને અન્ય પત્રો દ્વારા જૈન સમાજ સમક્ષ રજુ કર્યા છે.

ત્યાર બાદ પ્રમુખ શ્રી ગુલાબચંદભાઈએ સ્વર્ગસ્થશ્રીના જીવન અને કાર્ય અંગે કહ્યું હતું કે તેઓ તો આપણી સભાના પ્રાણસમા હતા. તેઓએ સંસ્થાને આર્થિક રીતે પણ પગભર કરવા અથાક પ્રયત્નો કર્યા છે. તેમના એક એક ગુણ વિષે વર્ણન કરીએ તો પુસ્તક ભરાય, તો પણ તેમના ગુણોનો પાર પામી શકાય તેમ નથી. ટૂંકમાં એક ફ્લાવરપોટની ઉપમા આપી જણાવ્યું હતું કે જેમ એક ફૂલદાનીમાં અનેક ફૂલો સુગંધથી મહેકતા હોય તેમ શ્રી મનસુખલાલભાઈમાં અનેક ગુણોની સુગંધની મીલાવટ હતી સાહિત્ય ક્ષેત્રે પણ તેમની ઊંચી ગુણવત્તા હતી, અને તેમના જીવનમાં પણ સાદાઈ, સરળતા અને સભા પ્રત્યે મમતા હતા અને છતાં બિલકુલ નિરભિમાની હતા.

અંતમાં નીચેનો ઠરાવ રજુ થયો હતો અને સૌ સભ્યોએ બે મિનિટ મૌન અને નવકાર મંત્રનું સ્મરણ કરીને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## શ્રી મનસુખલાલભાઈ તારાચંદ મહેતાના સ્વર્ગવાસ અંગે શોક ઠરાવ

આપણી શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ અને 'શ્રી આત્માનંદ-પ્રકાશ' માસિકના તંત્રી ધર્માનુરાગી શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાના તા. ૨-૧૨-૭૬ના રોજ મુંબઈ મુકામે થયેલ દુઃખદ અવસાન પ્રત્યે શ્રી જૈન આત્માનંદ સભાની આજરોજ મળેલી આ સામાન્ય સભા ખૂબ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી વ્યક્ત કરે છે,

સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલભાઈ એક તત્ત્વચિંતક સાહિત્યકાર અને નિષ્ઠાવાન કાર્યકર્તા હતા. તેઓએ જૈન સમાજની વિધવિધ ક્ષેત્રે અનેક સેવાઓ આપી હતી. તેમના સ્વભાવમાં વિશાળતા, ધર્મભાવના આધ્યાત્મિકતા તેમજ સેવાભાવના વગેરે ઉન્નત ગુણો વણાયેલા હતા. શીલધર્મની કથાઓ જેવા અનેક સુરુચિપૂર્ણ અને લોકભોગ્ય કથાઓ દ્વારા મનોરંજન સાથે સમાજ ઘડતરનું મહામૂલું કાર્ય તેમણે સફળતાથી પાર પાડ્યું છે. તેમનું સાહિત્ય રોચકતા, જનહિત અને ધર્મભાવનાના તાણાવાણાથી વણાયેલું છે.

સદ્‌ગત શ્રી સમાજ સેવા કરનારી અનેક સંસ્થાઓના અગ્રગણ્ય કાર્યકર હતા અને અનેકને પ્રેરણા આપનાર હતા. શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી આધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ, શ્રી ખીમચંદ મૂળચંદ વિદ્યાર્થી ગૃહ, દેવકરણ મુળજી ટ્રસ્ટ, શ્રી સિદ્ધાર્થ એજ્યુકેશન સોસાયટી, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, જૈન શ્વે. એજ્યુ. બોર્ડ વગેરે સંસ્થાઓ દ્વારા તેમણે જૈન સમાજની અનન્ય સેવા બજાવી છે.

'શ્રી આત્માનંદ-પ્રકાશ'માં લખેલી ધર્મકથાઓ તથા ધાર્મિક લેખો દ્વારા જૈન સમાજમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવામાં તેમણે આપેલો ફાળો ન ભૂલાય તેવો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણી જૈન આત્માનંદ સભાના તો તેઓ એક આધારસ્તંભ હતા. સંસ્થાના સાહિત્યિક અને આર્થિક એમ બંને પ્રકારની પ્રવૃત્તિમાં તેમની કુશળતા અને વ્યવહારદક્ષતા તેમજ મૂકભાવે અને મીઠાશથી કાર્ય કરવાની પદ્ધતિ અનુકરણીય અને આદરણીય હતી.

તેમના સ્વર્ગવાસથી આપણી શ્રી જૈન આત્માનંદ સભા તેમજ જૈન સમાજને ન પૂરાય એવી ખોટ પડી છે.

શ્રી આત્માનંદ સભાની આ સામાન્ય સભા શાસનદેવ સ્વર્ગસ્થના આત્માને ચિરસ્થાયી શાન્તિ અર્પે એવી પ્રાર્થના કરે છે, અને તેમના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખમાં સમવેદના પ્રગટ કરે છે.

ગુલાબચંદ લલ્લુભાઈ શાહ
પ્રમુખ,
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળનો શોક ઠરાવ

શ્રી અધ્યાત્મ જ્ઞાન–પ્રસારક મંડળની કાર્યવાહક સમિતિની આજની સભા શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાના તા. ૨–૧૨–૧૯૭૬ના રોજ થયેલ અવસાન પ્રત્યે શોક વ્યક્ત કરતાં અતિ ઊંડા દુઃખની લાગણી અને ગ્લાનિ અનુભવે છે.

સ્વ. શ્રી મનસુખલાલભાઇએ આ મંડળની ઘણાં વર્ષો સુધી કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે તેમજ ટ્રસ્ટી તરીકે અને ભૂતપૂર્વ પ્રમુખ તરીકે અમૂલ્ય સેવા બજાવેલ છે. આ મંડળની પ્રવૃતિમાં ઊંડો રસ લઇ મંડળની શાનને વધારવામાં તેઓશ્રીએ મહાન ફાળો અર્પેલ છે. સદ્દગત એક સમર્થ સાહિત્યકાર, વિદ્વાન, તત્ત્વચિંતક અને નિષ્ઠાવાન કાર્યકર હતા. તેઓશ્રીનું જીવન શુદ્ધ ચારિત્રયમય હતું અને તેમની વિચારશ્રેણિ સ્પષ્ટ, પ્રેરક અને માર્ગદર્શક હતી. શીલધર્મની અનેક કથાઓના તેઓ ભંડાર હતા. ધર્મ તત્વજ્ઞાન અને ચારિત્ર્ય ઘડતર માટેની બોધદાયક કથાઓનું સમૃદ્ધ સાહિત્ય તેમણે જૈન સમાજને આપેલ છે. જૈન સમાજની અનેક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા. તેમના અવસાનથી આ મંડળે એક અનન્ય સુકાની ગુમાવેલ છે, એટલું જ નહિ પરંતુ સારાયે જૈન સમાજે એક ઉમદા, નિષ્ઠાવાન અને સક્રિય કાર્યકર ગુમાવેલ છે.

તેમના દેહવિલયથી તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં આ મંડળ દિલસોજી વ્યક્ત કરે છે અને પ્રભુ તેઓશ્રીના આત્માને પરમ શાંતિ અર્પે તેમ પ્રાર્થે છે.

રમણલાલ ગી. શાહ
પ્રમુખ
શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

## જાણીતા તત્ત્વચિંતક અને લેખક ધર્માનુરાગી
## જૈન આગેવાનની ચિરવિદાય

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના ઉપપ્રમુખ અને 'શ્રી જૈન આત્માનંદ પ્રકાશ'ના તંત્રીશ્રી મનસુખલાલભાઈ તારાચંદ મહેતાના તા. ૨–૧૨–'૭૬ ને ગુરુવારના રોજ મુંબઈ મુકામે થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતા અમે ખૂબ જ ઊંડા આઘાત અને દુઃખની લાગણી અનુભવીએ છીએ.

સ્વ. શ્રી મનસુખલાલભાઈ સ્વભાવે તદ્દન નિરભિમાની સાદા અને પરોપકારી વૃત્તિવાળા હતા. તેમના જીવનના દરેક પ્રસંગોમાં તેમની આધ્યાત્મિક ધર્મપરાયણ વૃત્તિ જણાઈ આવતી. તેમનું લેખન અને સાહિત્ય પણ સમાજ–ઉત્થાન અને આધ્યાત્મિક ઉન્નતિના લક્ષ્યને વરેલું હતું.

પંડિત બેચરદાસજીના શબ્દોમાં કહીએ તો સ્વ. શ્રી મનસુખલાલભાઈ ગૃહસ્થાશ્રમી છતાંય વાનપ્રસ્થ જેવું જીવન ગાળતા.

તેમના જીવનમાં તેમણે પુરુષાર્થ અને આપબુદ્ધિથી પ્રગતિ કરી હતી. ઊંડા ચિંતન મનન અને વાંચન તેમજ સંત પુરુષોના સમાગમથી તેમણે પોતાના જીવનમાં ચોક્કસ જીવનદૃષ્ટિ અપનાવી હતી. વ્યવસાયમાં વીમા કંપનીના એજન્ટ તરીકે તેમની કારકીર્દિ યશસ્વી હતી. તે દરમિયાન તેમણે સમાજના નિરીક્ષણ અને અનુભવ દ્વારા ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સેવા અને સમાજ સુધારાના કાર્યમાં પણ તેઓ ઊંડો રસ લેતા હતા. વીમા કંપનીનું રાષ્ટ્રીયકરણ થયા પછી તેઓએ વ્યવસાયની દૃષ્ટિએ નિવૃત્ત જીવન સ્વીકાર્યું, પણ પારમાર્થિક દૃષ્ટિએ બહોળું સમાજ–સેવાનું કાર્ય અપનાવ્યું.

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, શ્રી જૈન આત્માનંદ સભા વગેરે અનેક સંસ્થાઓ દ્વારા તેમણે સમાજ ઘડતરનું અને સમાજ સેવાનું કાર્ય કરવામાં જીવનના અંત સમય સુધી ઊંડો રસ દાખવ્યો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. શ્રી મનસુખલાલભાઇનો જીવનમંત્ર હતો—સમન્વય. તેઓ કદી કોઈ ખટપટ કે ઝઘડા કે ચર્ચાસ્પદ વાતોથી હંમેશા દૂર રહેવા પ્રયત્નશીલ રહેતા અને એ રીતે સમન્વય અને સમાધાનકારી વૃત્તિથી જ સમાજનો ઉત્કર્ષ થઇ શકે એમ તેઓ માનતા અને તે પ્રમાણે વર્તતા. લેખો દ્વારા પણ તેઓએ એ જ વાતનું પ્રતિપાદન કર્યું છે.

मनसि वचसि कार्ये महतामेक रूपणता । એ સૂત્ર મુજબ એમના જીવનમાં વિચાર, વાણી અને વર્તનમાં એકરૂપતા હતી. તેઓ જેવું વિચારતા તેવું જ બોલતા અને તે મુજબ જ આચરણ કરતા. તેઓ ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયો પોતાના જીવનમાંથી નિર્મૂળ કરવા સદા પ્રયત્નશીલ રહેતા क्रोधो ज्ञानवतां कुतः । એ સૂત્રનું તો જાણે તેઓ હંમેશા રટણ અને અમલ કરતા.

તેમનું સાહિત્ય-તેમની ધર્મકથાઓ અને ચિંતન લેખો સામાન્ય જનસમાજ સમજી શકે તેવા અને સર્વના જીવનને ઉન્નત બનવાની સદાયે પ્રેરણા આપતા રહેશે,

સ્વ. શ્રી મનસુખલાલભાઇ એક કુટુમ્બ—વત્સલ વડીલ, સત્ય માર્ગ દર્શાવનાર આગેવાન તાત્ત્વિક દૃષ્ટિવાળા લેખક અને મૂક ફરજ પાલનની ભાવનાવાળા નિરભિમાની સમાજ સેવક, અને સાચું સાધુજીવન ગાળતા ગૃહસ્થ હતા.

તેમના દેહાવસાનથી જૈન સમાજને એક ન પૂરાય તેવા આગેવાન પથદર્શકની ખોટ પડી છે. અમારી શ્રી જૈન આત્માનંદ સભા તેમજ 'શ્રી જૈન આત્માનંદ પ્રકાશ'ના તો તેઓ આધાર સ્તંભ હતા. આ સંસ્થાને તો એક પરમ સહૃદયી ઉપકારક આત્મીયજનની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને જ્યાં હોય ત્યાં ચિરસ્થાયી શાન્તિ આપે એવી અમે પ્રાર્થના કરીએ છીએ અને તેમના કુટુમ્બીજનો પર આવી પડેલ દુઃખમાં સમવેદના પ્રગટ કરીએ છીએ.

**કા. જ. દોશી**

## સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી શાહ લલ્લુભાઇ દેવચંદ (આદર્શ ડેરીવાળા) મુંબઈ મુકામે તા. ૯–૧૨–૭૬ના ગુરૂવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણા દીલગીર થયા છીએ. તેઓશ્રી મળતાવડા સ્વભાવના અને ખુબ ધાર્મિક લાગણીવાળા હતા. તેઓશ્રી આપણી સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરની સ્યાદ્‌વાદની દૃષ્ટિ રજુ કરવા

## શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી (મુંબઇ) યોજીત

# 'સ્યાદ્‌વાદ' નિબંધ સ્પર્ધાનું

# પરિણામ

**પ્રથમ નંબરે**

ખૂબચંદ કેશવલાલ પારેખ

કુ. તરલા એ. દોશી

અભયકુમાર જૈન

**બીજા નંબરે**

મફતલાલ જે. પટેલ

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

શાન્તિલાલ ખેમચંદ શાહ

**ત્રીજા નંબરે**

પ. પૂ. યશોવિજયજી મ. સાહેબ

પ. પૂ. તરુલતાશ્રીજી મહાસતીજી

રતિલાલ મફાભાઇ શાહ

**ચોથા નંબરે**

રંજનબેન નગરશેઠ

ઉષાબેન ગુલાબચંદ

પ. પૂ. ઉષાબાઈ મહાસતીજી

**પાંચમા નંબરે**

મહાવીરસિંહ મુાડયા

રતનચંદ જૈન

પ. પૂ. પૂર્ણભદ્રાશ્રીજી

અનુપ્રભા

સરોજબાળા ચંદુલાલ

* પ્રથમ નંબરના દરેક વિજેતાને રૂા. ૮૩૫/-
* બીજા નંબરના દરેક વિજેતાને રૂા. ૫૦૧/-
* ત્રીજા નંબરના દરેક વિજેતાને રૂા. ૩૩૫/-
* ચોથા નંબરના દરેક વિજેતાને રૂા. ૨૫૧/-
* પાંચમા નંબરના દરેક વિજેતાને રૂા. ૧૦૧/-
* તથા સ્પર્ધામાં ભાગ લેનાર દરેકને રૂા. ૧૧/-

પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા છે.

## વિજેતાઓને હાર્દિક અભિનંદન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### જૈન સમાજના આગેવાન ઉદારચરિત્

## શેઠશ્રી ભોગીલાલ મગનલાલ શાહને

# શોકાંજલિ



જૈન સમાજના અગ્રણી, દાનવીર અને ઉદારચરિત્ શેઠશ્રી ભોગીલાલભાઈનું તા. ૧૫-૧૨-૭૬ ને બુધવારના રોજ દેહાવસાન થયું તે અંગે અમે ખૂબ જ ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.

તેઓશ્રી આ સભાના પેટ્રન હતા અને સભા પ્રત્યે તેમણે અપાર પ્રેમ અને સહકાર દર્શાવ્યા છે.

સ્વ. શેઠશ્રી ભોગીલાલભાઈ અનેક ગુણોના ભંડાર હતા મધ્યમ વર્ગનો ઉત્કર્ષ કેમ થાય એ વાત તો સદાયે તેમના હૈયામાં રમતી અને તે માટે તેમણે જીવન દરમીયાન અથાક પ્રયત્નો કર્યા હતા. જૈન તેમજ જૈનેતર સમાજના તેઓ એક આદરપાત્ર મુરબ્બી હતા. સમસ્ત ગુજરાતનું જાહેર જીવન સુમેળ ભર્યું રહે તે માટે તેમના પ્રયત્નો યાદગાર રહેશે.

સદ્‌ગત શ્રી ભાવનગરના પ્રથમ પંક્તિના નાગરિક હતા. સારાયે ભાવનગરની ઉન્નતિ માટેની દરેક પ્રવૃત્તિમાં એક યા બીજી રીતે સંકળાયેલા હતા.

પોતાની આગવી સૂઝ અને શ્રમ પ્રત્યેના આદર તેમજ કર્તવ્યનિષ્ઠાથી તેઓશ્રીએ સામાન્ય પ્રકારની નોકરીમાંથી ધીરે ધીરે આગળ વધી એક આગેવાન ઉદ્યોગપતિ બન્યા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ઉદ્યોગપતિ તરીકે પણ આદર્શ પ્રણાલીઓ પાડીને માલિક–કારીગરના સંબંધો સુમેળભર્યા બનાવ્યા હતા.

તેઓએ શ્રી ભોગીલાલ મગનલાલ એજ્યુ. સોસાયટી દ્વારા આદર્શ નમુનેદાર હાઇસ્કૂલની સ્થાપના કરી અને તેમના અંત સમય સુધી તેને જળસિંચન અને પ્રેરણાવડે વિકસાવી છે. એ ઉપરાંત માનવસેવા કરનારી અનેક સંસ્થાના સ્થાપક હતા અને અનેક સંસ્થાઓને તેમણે તન, મન ધનથી ટેકો આપી પગભર બનાવી છે.

મૂંગા પ્રાણીઓની દયાને પણ એમના જીવનમાં એમણે મહત્ત્વનું સ્થાન આપ્યું હતું, અને પાંજરાપોળને ડગુમગુ સ્થિતિમાંથી પ્રાણ પૂરીને જોમવંત બનાવી.

ભાવનગરના શ્રી જૈન સંઘે પણ વર્ષો સુધી એમની રાહબરી નીચે સુંદર કાર્ય કર્યા છે. જૈન સંઘના કાર્યમાં તેઓ સદા જીવન્ત રસ લેતા અને ભાવનગરના સંઘમાં જે એકતાના દર્શન થાય છે તેમાં તેમનો હિસ્સો પણ નાનો સૂનો નથી.

તેમના જવાથી સમસ્ત ભાવનગર શહેરને, તેમજ જૈન સંઘ અને અન્ય સંસ્થાઓને મોટી ખોટ પડી છે.

તેમનો આત્મા જ્યાં હોય ત્યાં ચિરસ્થાયી શાંતિ પામે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ; અને તેમના કુટુંબીજનો પર આવી પડેલ આપત્તિમાં સમવેદના પ્રગટ કરીએ છીએ.

# સમાચાર

### શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાને

## મુંબઈમાં જૈન સમાજની શ્રદ્ધાંજલિ

સૌજન્યમૂર્તિ સ્વ. શ્રી મનસુખલાલભાઈનું તા. ૨–૧૨–૭૬ના રોજ થયેલ દુઃખદ અવસાન બદલ શ્રદ્ધાંજલિ આપવા એક જાહેર સભા કોટ તપગચ્છ સંઘ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી જૈન શ્વે. એજ્યુ. બોર્ડ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ વગેરેના ઉપક્રમે તા. ૧૨–૧૨–૭૬ના રોજ નવ વાગે પૂ. આચાર્ય શ્રી વિજયભુવનચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં કોટ શ્રી શાન્તિનાથ જૈન ઉપાશ્રયમાં મળી હતી; તેમાં સ્વર્ગસ્થના જીવન વિષે પરિચય આપી શ્રદ્ધાંજલિ આપતા પ્રવચનો થયા હતા અને શ્રદ્ધાંજલિ અર્પતો ઠરાવ પસાર થયો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### તા. ૨-૧-૧૯૭૭ના ઉદ્ઘાટન પ્રસંગે

## 'દ્વાદશારં નયચક્રમ્' સંશોધન ગ્રંથનો

# પરિચય

૧. મૂળ ગ્રન્થના રચયિતા વાદિમુખ્ય શ્રી મલ્લવાદીજી છે.

૨. તેના ઉપર 'નયચક્રવૃત્તિ' નામની ટીકાના રચયિતા શ્રી સિંહસેનસૂરિ ક્ષમાશ્રમણ છે.

૩. આ ગ્રન્થમાં બાર અર (આરા) એટલે પ્રકરણ છે.

૪. સામાન્ય રીતે જૈનદર્શનમાં સાત નયોનું નિરૂપણ છે પણ આ ગ્રન્થમાં 'વિધિ' વગેરે બાર નયોનું નિરૂપણ છે તે આ પ્રમાણે :—
૧. વિધિ ૨. વિધિવિધિ ૩. વિધ્યુભય ૪. વિધિનિયમ ૫. ઉભય ૬. ઉભયવિધિ ૭. ઉભયોભય ૮. ઉભયનિયમ ૯. નિયમ ૧૦. નિયમવિધિ ૧૧. નિયમોભય ૧૨. નિયમનિયમ.

૫. ઉપરોક્ત બાર નયનો પ્રચલિત સાત નયમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૬. આ ગ્રંથમાં ચર્ચાયેલા અન્ય દર્શનો નીચે મુજબ છે :—
વેદ, સાંખ્ય, ન્યાય, વૈશેષિક, મીમાંસા, અદ્વૈતવાદ બૌદ્ધ, યોગ, વગેરે

૭. આ ઉપરાંત ઉલ્લેખાયેલ અન્ય ગ્રન્થો ભર્તૃહરિકૃત વાક્યપદીય, વૈદક તેમજ વ્યાકરણ.

૮. જૈન આગમોમાંથી અનેક પાઠ આ ગ્રન્થમાં ઉધૃત કરાયેલ છે.

૯. સ્યાદ્‌વાદનું સ્વરૂપ સમજવા માટે આ ગ્રન્થમાં સાતમા અર (પ્રકરણ)માં જે પારમાર્થિક સ્વરૂપ સમજાવ્યું છે તે જોવા જેવું છે.

૧૦. આ ગ્રન્થના સંશોધન અને સંપાદન માટે નિરભિમાની જ્ઞાનતપસ્વી પૂ. મુનિશ્રી જંબૂવિજયજીએ, પૂ. પુણ્યવિજયજી તથા તેમના ગુરુ શ્રી ભુવનવિજયજીના આશીર્વાદ અને પ્રેરણાથી સં. ૨૦૦૩માં શરૂ કરાએલ આ કાર્યને સર્વાંગ સંપૂર્ણ કરવા કોઈ પ્રયત્ન બાકી રાખેલ નથી.

૧૧. આ ગ્રન્થના સંશોધનમાં પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સાહેબે અનેક પ્રતો એકત્રિત કરી, તપાસી, તેમાં જેનો ઉલ્લેખ થયો હોય તેવા અનેક ગ્રન્થો પ્રાપ્ત કરી તપાસ્યા, તે માટે જરૂર જણાવાથી ટીબેટન (ભોટ) ભાષાનો પણ અભ્યાસ કર્યો.

૧૨. આ સંશોધન કાર્યમાં મુનિરાજશ્રી જંબૂવિજયજીએ જાણીતા પરદેશના વિદ્વાનો ડૉ. ઈ. ફ્રાઉવનેટ (ઓસ્ટ્રેલીઆ), ડૉ. ટ્રચી (ઈટલી), ડૉ. થોમ્પસન (ઈંગ્લેન્ડ), ડૉ વોલ્ટર મૌટેર વગેરેનો સંપર્ક સાધી સહકાર મેળવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. B.V. 31


॥ जयन्तु वीतरागाः ॥

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમ પૂજ્ય વિદ્વાન મુનિરાજ

**શ્રી જંબુવિજયજી મહારાજ**

ના વરદ્ હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્'

## દ્વિતીય ભાગનું ઉદ્ઘાટન

તા. ૨-૧-૧૯૭૭ ને રવિવારના રોજ સવારના ૯-૦૦ કલાકે

શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય-પાયધુની મુંબઈમાં

પરમ પૂજ્ય ધર્મપ્રભાવક યુગવીર આચાર્ય

**શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં**

સાહિત્ય-કલા-રત્ન પરમ પૂજ્ય મુનિરાજ

**શ્રી યશોવિજયજી મહારાજના વરદ્ હસ્તે કરવામાં આવશે**

આ શુભ પ્રસંગે

દાનવીર ધર્મપ્રેમી શેઠશ્રી તુલશીદાસ જગજીવનદાસ સવાઈ

તેમજ ગોરેગાંવ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના માનદ્ ટ્રસ્ટી

**શેઠશ્રી રમણલાલ મંગળદાસ**

અતિથિ વિશેષ તરીકે પધારી સમારંભ શોભાવશે.

જૈન આત્માનંદ સભા-ભાવનગરના માનવંતા પેટ્રન સાહેબો, આજીવન સભ્યો તેમજ સમગ્ર જૈન સમાજના ભાઈ બહેનોને આ પ્રસંગે પધારવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે.

નિવેદકો

**ગુલાબચંદભાઈ લલ્લુભાઈ શાહ**
પ્રમુખ

**(સ્વ.) મનસુખલાલ તારાચંદ મહેતા**
**હીરાલાલભાઇ ભાણજીભાઈ શાહ**
ઉપપ્રમુખો

**હીરાલાલ જુઠાભાઇ શાહ**
**અમૃતલાલ રતિલાલ (ભગતભાઇ)**
**હીંમતલાલ અનોપચંદ મોતીવાળા**
મંત્રીઓ

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**


તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only